dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 257 | AD - 2026, Jeth Sud -09 | Tuesday, Dt. 23-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સત્તાધારી પક્ષ 'લેબર પાર્ટી'ના નેતાનું પદ પણ છોડ્યુ, આગામી વડાપ્રધાન કોણ બનશે તેને લઈને અટકળો તેજ

# બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરે રાજીનામુ ધરી દીધુ

લંડન,તા.૨૨

બ્રિટનના રાજકીય ગલિયારાઓમાંથી આ સમયના સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. વડાપ્રધાન પદ છોડવાની સાથે જ તેમણે સત્તાધારી પક્ષ 'લેબર પાર્ટી'ના નેતા પદ પરથી પણ તાત્કાલિક અસરથી રાજીનામું આપીને સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. કીર સ્ટાર્મરના આ અચાનક લેવાયેલા નિર્ણય બાદ બ્રિટિશ રાજકારણમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી નીતિગત નિર્ણયો અને વહીવટી મુદ્દાઓ પર લેબર પાર્ટીની અંદર જ ભારે અસંતોષ જોવા મળી રહ્યો હતો. પક્ષના ૧૦૦થી વધુ સાંસદો બળવો કરી ચૂક્યા હતા અને ખુદ ડોનાલ્ડ ટ્રમ્પે પણ તેમના રાજીનામાની ભવિષ્યવાણી કરી હતી. કીર સ્ટાર્મરના રાજીનામા બાદ હવે બ્રિટનના આગામી વડાપ્રધાન કોણ બનશે તેને લઈને અટકળો તેજ થઈ ગઈ છે. લેબર પાર્ટી ટૂંક સમયમાં જ પોતાના નવા સંસદીય નેતાની ચૂંટણી માટેની પ્રક્રિયા શરૂ કરશે અને ત્યાં સુધી વહીવટી વ્યવસ્થા સંભાળવા માટે હંગામી પ્રક્રિયા હાથ ધરવામાં આવી શકે છે.કીર સ્ટાર્મરે જણાવ્યું કે તેમણે આજે સવારે બ્રિટનના રાજા કિંગ ચાર્લ્સ સાથે વાત કરીને પોતાના રાજીનામાના નિર્ણયની સત્તાવાર જાણકારી આપી દીધી છે. આ સાથે જ તેમણે લેબર પાર્ટીની નેશનલ એક્ઝિક્યુટિવ કમિટીને નવા



નેતાની ચૂંટણી માટેનું સમયપત્રક નક્કી કરવા વિનંતી કરી છે, જે અંતર્ગત ૯ જુલાઈથી ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થશે અને સંસદના ઉનાળુ વેકેશન સુધીમાં તે પૂર્ણ કરી લેવાશે. આ વ્યવસ્થાના ભાગરૂપે સપ્ટેમ્બરમાં સંસદનું સત્ર ફરી શરૂ થાય તે પહેલાં દેશને નવા નેતા મળી જશે અને ત્યાં સુધી તેઓ વડાપ્રધાન તરીકે પોતાના પદ પર કાર્યરત રહેશે. પોતાના સંબોધનમાં સ્ટાર્મરે સ્પષ્ટ કર્યું કે તેઓ સત્તાના સુવ્યવસ્થિત હસ્તાંતરણ માટે શક્ય તમામ પ્રયાસો કરશે અને પોતાના અનુગામીને સંપૂર્ણ સહયોગ આપશે. તેમણે ઉમેર્યું કે દેશના નવા વડાપ્રધાનને બે વર્ષ પહેલાંની સરખામણીએ વધુ મજબૂત અને ન્યાયી બ્રિટન વારસામાં મળી રહ્યું છે. આ ભાવુક ક્ષણે તેમણે છેલ્લા છ વર્ષથી તેમની સાથે ખભેખભો મિલાવીને કામ કરનારા પોતાના મિત્રો, સહયોગીઓ, ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટના સ્ટાફ અને બ્રિટનની અસાધારણ સિવિલ સર્વિસનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. દેશના આ સર્વોચ્ચ પદ પરથી હટ્યા બાદ કીર સ્ટાર્મર પોતાના પરિવાર વિશે વાત કરતી વખતે અત્યંત ભાવુક બન્યા હતા. તેમણે ગળગળા સાદે કહ્યું કે દેશના આ સૌથી મોટા કામને છોડ્યા બાદ હવે તેઓ પોતાના જીવનના સૌથી મહત્ત્વપૂર્ણ કામ એટલે કે પરિવાર પર ધ્યાન કેન્દ્રિત કરશે. પોતાની પત્ની વિક્ટોરિયાને સુખ-દુઃખમાં તેમની પડખે ખડકની જેમ ઊભા રહેવા બદલ ધન્યવાદ પાઠવીને, તેમણે દેશના સર્વશ્રેષ્ઠ પતિ બનવાનો અને પોતાના બાળકો માટે એક ઉત્તમ પિતા બનવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. પોતાનું સંબોધન પૂર્ણ કર્યા બાદ તેઓ પત્નીને ગળે લગાડીને ડાઉનિંગ સ્ટ્રીટની અંદર ચાલ્યા ગયા હતા. હવે સમગ્ર વિશ્વની નજર બ્રિટનના આગામી વડાપ્રધાનની ચૂંટણી પ્રક્રિયા પર ટકેલી છે.

# અલ-નીનોની અસરથી ભારતમાં નબળા ચોમાસા અને જળ સંકટની આશંકા

નવી દિલ્હી,તા.૨૨

વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠન (WMO) અને NASA દ્વારા આપવામાં આવેલી તાજેતરની ચેતવણીએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. બંને સંસ્થાઓના અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૬ દરમિયાન અલ-નીનોની સ્થિતિ સક્રિય રહેવાની સંભાવના ખૂબ જ વધારે છે, જે ભારત સહિત અનેક દેશોના હવામાન પર ગંભીર અસર કરી શકે છે.




WMOના જણાવ્યા અનુસાર જૂનથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન અલ-નીનો સક્રિય રહેવાની આશરે ૮૦ ટકા અને નવેમ્બર સુધીમાં ૯૦ ટકાથી વધુ સંભાવના છે. આ સ્થિતિના કારણે ભારતમાં ચોમાસું સામાન્ય કરતાં નબળું રહી શકે છે. ખાસ કરીને જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં દેશના ઘણા વિસ્તારોમાં સામાન્ય કરતાં ૫૦થી ૭૦ ટકા ઓછો વરસાદ નોંધાઈ શકે છે.NASAની સેટેલાઈટ તસવીરોમાં પ્રશાંત મહાસાગરના ઉષ્ણકટિબંધીય વિસ્તારમાં સમુદ્રની સપાટીનું તાપમાન વધતું હોવાનું અને ગરમ પાણીનો વિસ્તાર ફેલાતો હોવાનું જોવા મળ્યું છે. નિષ્ણાતોના મતે, ટ્રેડ વિન્ડ્સ નબળી પડવાના કારણે અલ-નીનોની અસર વધુ સ્પષ્ટ બની રહી છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ ભારતના અનેક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની સંભાવના છે. અનેક રાજ્યોમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી રહ્યું હોવાથી ભીષણ ગરમી અને લૂની સ્થિતિ સર્જાઈ શકે છે. નબળા ચોમાસા અને વધતી ગરમીના કારણે કૃષિ, પીવાના પાણીની ઉપલબ્ધતા અને જળસંચય પર ગંભીર અસર પડી શકે છે. WMOના મહાનિર્દેશક સેલેસ્ટે સાઉલોએ સરકારોને દુષ્કાળ, ભારે વરસાદ અને હીટવેવ જેવી પરિસ્થિતિઓનો સામનો કરવા માટે આગોતરી તૈયારી રાખવાની સલાહ આપી છે.

# ૬ સાંસદોના બળવા બાદ હવે ઉદ્ધવ ઠાકરેના ધારાસભ્યો શિંદે જૂથમાં જવા તૈયાર!

મુંબઈ,તા.૨૨

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટા રાજકીય ઉથલપાથલના સંકેતો જોવા મળી રહ્યા છે. એકનાથ શિંદેના નેતૃત્વવાળા શિવસેના જૂથ દ્વારા ચલાવવામાં આવી રહેલા કથિત 'ઓપરેશન ટાઈગર'ને લઈને રાજ્યની રાજનીતિ ગરમાઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ, શિવસેના (યુબીટી)ના છ સાંસદો બાદ હવે ઉદ્ધવ ઠાકરેના કેટલાક ધારાસભ્યો પણ શિંદે જૂથ તરફ વળવાની તૈયારીમાં હોવાનું કહેવાઈ રહ્યું




છે. જોકે, આ દાવાઓ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. આ સંજોગોમાં ઉદ્ધવ ઠાકરેએ પક્ષના ધારાસભ્યો અને નેતાઓની તાત્કાલિક બેઠક બોલાવી છે. બેઠકમાં પક્ષની વર્તમાન સ્થિતિ, સંભવિત પક્ષપલટા અને આગામી રાજકીય વ્યૂહરચના અંગે ચર્ચા થવાની શક્યતા છે. અગાઉ પણ 'ઓપરેશન ટાઈગર'ની ચર્ચાઓ વચ્ચે ઠાકરેએ પોતાના સાંસદો અને ધારાસભ્યોની બેઠક યોજી પક્ષને એકજૂટ રાખવાનો પ્રયાસ કર્યો હતો.બીજી તરફ, શિંદે જૂથના નેતાઓનું માનવું છે કે વધુ સાંસદો અને ધારાસભ્યો તેમના પક્ષમાં જોડાય તો મહાયુતિ ગઠબંધન વધુ મજબૂત બનશે. તાજેતરમાં શિવસેના (યુબીટી)ના કેટલાક સાંસદોએ અલગ જૂથ રચવાની પ્રક્રિયા શરૂ કરી હોવાના અહેવાલો સામે આવ્યા છે, જેના કારણે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના પક્ષ પર દબાણ વધ્યું છે.મહારાષ્ટ્રની રાજનીતિમાં આ નવા ઘટનાક્રમો આગામી દિવસોમાં વધુ મહત્વપૂર્ણ વળાંક લઈ શકે છે.

### બીજા માળે આગ લાગતા અનેક વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યો

# લખનઉમાં બહુમાળી ઈમારતમાં આગ લાગતા ૧૫ લોકોના મોત

લખનઉ,તા.૨૨

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉના અલીગંજ વિસ્તારમાં સોમવારે બપોરે એક બહુમાળી ઈમારતમાં ભીષણ આગ લાગતાં ૧૫ લોકોના કરુણ મોત નિપજ્યા હોવાની માહિતી સામે આવી છે. મૃતકોમાં ૩ મહિલાઓ અને ૧૨ પુરુષોનો સમાવેશ થાય છે, જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ હોવાનું જણાવવામાં આવ્યું છે. આ ઈમારતના બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળ પર પેટ શોપ તથા ક્લિનિક કાર્યરત હતા, જ્યારે બીજા માળે 'લર્નિંગ સ્પેસ' નામની લાઈબ્રેરી અને 3D આર્ટ તથા ગેમ એસેટ્સ સંબંધિત કાર્ય કરતી કંપનીની ઓફિસ આવેલી હતી. આગ ફેલાતાં બીજા માળે હાજર અનેક વિદ્યાર્થીઓ



ફસાઈ ગયા હતા. કેટલાક લોકોએ બાથરૂમમાં આશરો લીધો હતો, જ્યારે એક વિદ્યાર્થીએ જીવ બચાવવા માટે પ્રથમ માળેથી કૂદકો માર્યો હતો. અન્ય કેટલાક લોકો તારના સહારે નીચે ઉતર્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ બેઝમેન્ટમાં લાગેલા એર કન્ડીશનરમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.




# તિરુવલ્લુર ગેસ લીકેજથી એમોનિયાની ઝેરી અસરે બેના મોત, પીએમ મોદીએ શોક વ્યક્ત કર્યો

તિરુવલ્લુર,તા.૨૨

તમિલનાડુના તિરુવલ્લુર જિલ્લામાં આવેલી એક ખાનગી સીફૂડ પ્રોસેસિંગ ફેક્ટરીમાં અચાનક એમોનિયા ગેસ લીક થતાં બે મહિલા કામદારોના કરૂણ મોત નિપજ્યા છે, જ્યારે ૬૨થી વધુ લોકો પ્રભાવિત થયા છે. અચાનક ગેસ ગળતર થતાં શ્વાસ લેવામાં તકલીફ પડવાને કારણે અસરગ્રસ્તોને તાત્કાલિક અલગ-અલગ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ખસેડાયા




હતા. આ હૃદયદ્રાવક દુર્ઘટના પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઊંડો શોક વ્યક્ત કર્યો છે. સરકારે મૃતકોના પરિવારોને રૂ.લાખની આર્થિક સહાય જાહેર કરી છે અને સમગ્ર મામલે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે.

# વરસાદને લઈ ૪ રાજ્યોમાં રેડ એલર્ટ તો પાંચમાં હીટવેવની આગાહી


નવી દિલ્હી,તા.૨૨

ભારતીય હવામાન વિભાગ (IMD) ના જણાવ્યા અનુસાર, દેશમાં અટકેલું ચોમાસું ફરી સક્રિય થઈ રહ્યું છે. ૨૩ અને ૨૪ જૂનની આસપાસ ચોમાસું મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઓડિશા, બિહાર અને ઝારખંડ તરફ આગળ વધશે. સાનુકૂળ પરિસ્થિતિઓને લીધે પૂર્વોત્તરના ૪ રાજ્યો-આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદનું 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું



છે, જ્યારે અન્ય ૭ રાજ્યોમાં ભારે પવન અને વીજળીના કડાકા સાથે 'ઓરેન્જ એલર્ટ' અપાયું છે.

બીજી તરફ, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ અને વિદર્ભ સહિતના ૫ રાજ્યોમાં આગામી ૪ થી ૫ દિવસ સુધી કાળઝાળ ગરમીનું મોજું (હીટવેવ) ચાલુ રહેશે. રાજસ્થાનમાં ધૂળની આંધી અને જમ્મુ-કાશ્મીરમાં કરા પડવાની પણ સંભાવના છે.



સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી

મંગળવાર, તા.૨૩-૦૬-૨૦૨૬

## અમરેલી બ્રોડગેજ કમિટીએ રેલવે સ્ટેશનની કામગીરીનું નિરીક્ષણ કર્યું

અમરેલી,તા.૨૨



અમરેલી બ્રોડગેજ કમિટીના આગેવાનો, વડીલો અને સામાજિક કાર્યકરોએ અમરેલી રેલવે સ્ટેશનની મુલાકાત લઈને બ્રોડગેજ પ્રોજેક્ટની પ્રગતિનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું. કમિટીના અગ્રણી રાજેશભાઈ ગાંધીએ જણાવ્યું કે રેલવે વિભાગની ધીમી કામગીરી અને અધૂરી તૈયારીઓના કારણે જિલ્લામાં અસંતોષ વ્યાપી રહ્યો છે. નિરીક્ષણ દરમિયાન જાણવા મળ્યું કે ૧૯૧૨માં નિર્મિત ઐતિહાસિક સ્ટેશન બિલ્ડિંગ ટ્રેકની નજીક હોવાથી તેને દૂર કર્યા વિના બ્રોડગેજ લાઈન શરૂ કરવી મુશ્કેલ છે. ઈશ્વરીયા–માચીયાળા વચ્ચે જમીન સંપાદન અને હનુમાનપરા રોડ પર આવેલા મંદિરોના સ્થળાંતરના પ્રશ્નો હજુ બાકી છે. ઉપરાંત અંડરબ્રિજનું કામ પણ અધૂરું છે. કમિટીએ મુસાફરો માટે આધુનિક સુવિધાઓ વિકસાવવા તથા બ્રોડગેજ લાઈન શરૂ થાય તે પહેલાં મુખ્ય શહેરો માટે ટ્રેનોની મંજૂરી મેળવવાની માંગ કરી છે.

## પૂજાપાદર ગામે તળાવ નિર્માણમાં યોગદાન આપનાર સહયોગીઓનું સન્માન

અમરેલી,તા.૨૨



પૂજાપાદર ગામે સરકાર, દાતાઓ અને ગ્રામજનોના સહયોગથી નિર્માણાધીન તળાવના કાર્યમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર સહયોગીઓ, ઓપરેટરો અને કર્મચારીઓના સન્માન માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય મહેશ કસવાળા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જળસંચય અને ગ્રામ વિકાસ માટે કાર્યરત તમામ યોગદાનકર્તાઓને અભિનંદન પાઠવી તેમની કામગીરીને બિરદાવી હતી. કાર્યક્રમ તળાવના ખોદકામમાંથી નીકળેલી માટીથી તૈયાર કરાયેલા અનોખા ગોવર્ધન પર્વત ખાતે યોજાયો હતો. આ અવસરે જળસંચય, પર્યાવરણ સંરક્ષણ અને ગ્રામ વિકાસમાં જનભાગીદારીના મહત્વ અંગે પ્રેરણાદાયી વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં દિલીપભાઈ સખીયા સહિત અનેક આગેવાનો, દાતાઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## વડિયાના દેવગામે વૃધ્ધાએ બીમારીથી કંટાળી ડીઝલ છાંટી અગ્નિસ્નાન કર્યું

**વૃધ્ધાને છેલ્લાં ૨૧ વર્ષથી માનસિક બિમારી હોવાનું પરિવારજનોએ જણાવ્યું**


વડિયા, તા.૨૨

વડિયાના દેવગામે એક વૃધ્ધાએ બીમારીથી કંટાળી ડીઝલ છાંટી અગ્નિસ્નાન કર્યું હતું. આ અંગે ભરતભાઈ ગભરૂભાઈ વાળા (ઉ.વ.૪૦) એ જાહેર કર્યા મુજબ કે, રમજુબેન ગભરૂભાઈ ગોરખભાઈ વાળા (ઉ.વ.૬૩)ને છેલ્લા ૨૧ વર્ષથી માનસિક બીમારી હતી અને દવા ચાલુ હતી. તેઓ પોતાની બીમારીથી કંટાળીને શરીર ઉપર ડિઝલ છાટી આગ લગાડી ગંભીર રીતે દાઝી ગયા હતા. વડિયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## વિશ્વ યોગ દિવસની તરવડા ગુરુકુલમાં ઉજવણી

**૧૮૫૦ વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ યોગાભ્યાસ કરી આપ્યો આરોગ્ય અને એકાગ્રતાનો સંદેશ**

અમરેલી,તા.૨૨



અમરેલી તાલુકાકક્ષાના વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી સ્વામિનારાયણ ગુરુકુલ, તરવડા ખાતે ઉત્સાહભેર યોજાઈ હતી. ગુરુકુલના ભવ્ય અને દિવ્ય પ્રાંગણમાં પૂજ્ય સંતો, મહાનુભાવો તેમજ સંસ્કારયુક્ત શિક્ષણ પ્રાપ્ત કરતા ૧૮૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે ગુરુકુલના સંચાલક શાસ્ત્રી રામકૃષ્ણદાસજી સ્વામીએ ભારતીય સંસ્કૃતિમાં યોગના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ તેમજ અમરેલીના મામલતદારે યુવાનોને યોગ અપનાવી એકાગ્રતા અને સ્વસ્થ જીવનશૈલી વિકસાવવા પ્રેરિત કર્યા હતા.

કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. ગુરુકુલના વિશાળ પ્રાંગણમાં ૧૮૫૦ વિદ્યાર્થીઓને શિસ્તબધ્ધ રીતે યોગ કરતાં જોઈ સૌ મંત્રમુગ્ધ બની ગયા હતા.

## બાબાપુર સર્વોદય સંસ્થામાં રસીકરણ અને આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૨



બાબાપુર સર્વોદય સંસ્થા ખાતે ૧૬ વર્ષીય ૯૬ બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું. એનિમિયા મુક્ત ભારત અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓને IFA ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું તેમજ હિમોગ્લોબિન, ઊંચાઈ અને વજનની તપાસ હાથ ધરાઈ હતી. આરોગ્ય અંગે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું. CHO જિગ્નેશ સોલંકી, FHW તૃપ્તિબેન દવે, MPHW નિલેશભાઈ જોગાણી અને આશા વર્કર બહેનોના સહયોગથી સમગ્ર કામગીરી ટીમવર્ક દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

## રાજુલા બાલકૃષ્ણ વિદ્યાપીઠ ખાતે પોલીસ વિભાગનો જાગૃતિ કાર્યક્રમ

રાજુલા, તા.૨૨



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા પોલીસ વિભાગ દ્વારા બાલકૃષ્ણ વિદ્યાપીઠ ખાતે વિદ્યાર્થીઓમાં સુરક્ષા અને જાગૃતિની ભાવના વિકસે તે હેતુથી વિશેષ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. DYS નયનાબેન ગોરડિયાના માર્ગદર્શન હેઠળ આયોજિત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ગુડ ટચ-બેડ ટચ, વ્યક્તિગત સુરક્ષા તેમજ સાયબર ક્રાઈમ અને સાયબર ફ્રોડ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને અયોગ્ય વર્તન સામે નિર્ભયતાથી અવાજ ઉઠાવવાની અને પોતાની સુરક્ષા માટે જરૂરી સાવચેતીઓ રાખવાની સમજ આપવામાં આવી હતી. ઉપરાંત ઓનલાઈન છેતરપિંડી, સોશિયલ મીડિયા સુરક્ષા અને સાયબર ગુનાઓથી બચવાના ઉપાયો વિશે પણ માર્ગદર્શન અપાયું હતું. કાર્યક્રમમાં PSI શિલ્પાબેન જાની સહિત પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો.

## સા.કુંડલામાં આજે રોજગાર ભરતી મેળો

સાવરકુંડલા,તા.૨૨

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા મહિલા ઉમેદવારોને રોજગારીની વધુ તકો પૂરી પાડવા માટે આગામી ૨૩ જૂન ૨૦૨૬ના રોજ મહિલા વિશેષ ભરતીમેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો સાવરકુંડલાની વી.ડી.ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજ ખાતે સવારે ૧૧:૦૦ વાગ્યે યોજાશે, જેમાં એલ.આઈ.સી, સિંટેક્ષ, એચ.ડી.એફ.સી લાઈફ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ ભાગ લેવાની છે. મેળામાં મશીન ઓપરેટર, વીમા સખી, બ્રાન્ચ મેનેજર અને ટ્રેનિંગ મેનેજર જેવી વિવિધ મહત્વની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરાશે.આ ઉત્તમ તકનો લાભ ધોરણ ૧૦, ૧૨, આઈ.ટી.આઈ અને સ્નાતક લાયકાત ધરાવતી તમામ મહિલા ઉમેદવારો લઈ શકશે. જે ઉમેદવારોએ અનુબંધમ પોર્ટલ પર રજિસ્ટ્રેશન નથી કરાવ્યું, તેઓ પણ પોતાના ઓળખપત્ર અને શૈક્ષણિક દસ્તાવેજો સાથે આ મેળામાં સીધા જ ભાગ લઈ શકશે. આ અંગેની વધુ માહિતી માટે ઉમેદવારો જિલ્લા રોજગાર કચેરીનો રૂબરૂ અથવા ફોન નંબર ૦૨૭૯૨-૨૨૩૩૯૪ પર સંપર્ક કરી શકે છે.

## મોટા કણકોટ પ્રાથમિક શાળાના શિક્ષક મનસુખભાઈ મેવાડાની પ્રશંસનીય કામગીરી

લીલીયા,તા.૨૨



મોટા કણકોટ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા મનસુખભાઈ મેવાડાએ ઈમાનદારી, સામાજિક જવાબદારી અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તા. ૨૧-૦૬-૨૦૨૬ના રોજ તેઓ અમરેલીથી મોટા કણકોટ શાળાએ જઈ રહ્યા હતા ત્યારે તેમને રસ્તામાં અગત્યના દસ્તાવેજો અને રોકડ રકમથી ભરેલું એક પર્સ મળ્યું હતું. પર્સના મૂળ માલિકને શોધવા માટે તેમણે મોટા કણકોટ ગામના સોશિયલ મીડિયા ગ્રુપમાં માહિતી પ્રસિધ્ધ કરી હતી. ત્યારબાદ તા. ૨૨-૦૬-૨૦૨૬ના રોજ શાળાની પ્રાર્થના સભામાં આચાર્ય, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓની હાજરીમાં પર્સ તેના માલિક જયસુખભાઈ વલ્લભભાઈ કાકડિયાને પરત સોંપવામાં આવ્યું. પર્સની તમામ વસ્તુઓ અને રકમ યથાવત મળતાં જયસુખભાઈએ મનસુખભાઈ મેવાડા તથા સમગ્ર સ્ટાફનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં રાજ્યના ઊર્જા અને કાયદા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જિલ્લાના વિકાસકાર્યોને વધુ ગતિ આપવા તેમજ જનહિતના પ્રશ્નોના સમયબધ્ધ અને અસરકારક નિરાકરણ માટે જિલ્લા વહીવટીતંત્રને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડિયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને ધારાસભ્ય જે.વી. કાકડિયાની ઉપસ્થિતિમાં વિવિધ વિભાગોની વિકાસલક્ષી યોજનાઓની સમીક્ષા કરવામાં આવી હતી. માર્ગ અને મકાન, પાણી પુરવઠા, આરોગ્ય, ગૌચર, વીજળી, કૃષિ અને ગ્રામ વિકાસ સહિતના ક્ષેત્રોમાં ચાલી રહેલા કાર્યો અંગે ચર્ચા કરી સમયસર કામગીરી પૂર્ણ કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. રાજ્યમંત્રીએ નાગરિકોની ફરિયાદોના ઝડપી અને સંવેદનશીલ નિરાકરણ પર ભાર મૂક્યો હતો. બેઠક દરમિયાન અમરેલી જિલ્લામાં ઓપન વાઈલ્ડલાઈફ સફારી પાર્કની સંભાવનાઓ તેમજ જિલ્લા પ્રવાસન વિકાસ અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા અને વિભાગીય અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## લાઠી નગરપાલિકાના કારોબારી ચેરમેને પોતાના જન્મદિને ૪૫ દીકરીઓને ચોપડાઓનું વિતરણ કર્યુ

લાઠી,તા.૨૨



લાઠી નગરપાલિકાના કારોબારી ચેરમેન શ્રીમતી પારુલબેન ભરતભાઈ ડેરે પોતાના જન્મદિવસની ઉજવણી અનોખી અને પ્રેરણાદાયી રીતે કરી હતી. જન્મદિવસ નિમિત્તે નાના અને મધ્યમ વર્ગના પરિવારોની ધોરણ-૧૦માં અભ્યાસ કરતી ૪૫ દીકરીઓને ચોપડાઓનું વિતરણ કરીને શિક્ષણ ક્ષેત્રે સહયોગનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પારુલબેન ડેરે જણાવ્યું હતું કે જન્મદિવસ માત્ર વ્યક્તિગત ખુશીનો પ્રસંગ નહીં, પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાનો અવસર પણ છે. તેમણે ભવિષ્યમાં પરિવાર... દરેક જન્મદિવસે જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવા માટે પ્રયાસ કરવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. આ પહેલથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય મળી છે તેમજ સમાજમાં સેવા, સહકાર અને સંવેદનાની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો સકારાત્મક સંદેશ પણ પ્રસર્યો છે.









ધારાસભ્યો, જિલ્લા પંચાયતના પ્રમુખ સહિત અધિકારીઓ-પદાધિકારીઓની હાજરીમાં

# અમરેલીમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન યોજાયું

**આગેવાનોએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈ ખેતી પધ્ધતિની માહિતી મેળવી**

અમરેલી,તા.૨૨

વિકસિત ભારતના સંકલ્પ સાથે જનકલ્યાણના ૧૨ વર્ષની ઉજવણી અંતર્ગત જિલ્લા વહીવટી તંત્ર, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને અમરેલી આત્મા પ્રોજેક્ટના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક કૃષિ કોલેજ, અમરેલી ખાતે જિલ્લાકક્ષાનો 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારી-બગસરા ધારાસભ્ય જે.વી. કાકડિયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન અમરેલી જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો દ્વારા વિવિધ કૃષિ ઉત્પાદનો અને પ્રાકૃતિક ખેતી સંબંધિત સ્ટોલનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ સ્ટોલોની મુલાકાત લઈ પ્રાકૃતિક કૃષિના વિવિધ પાસાઓ, ખેતી પધ્ધતિઓ અને નવીન પ્રયોગો અંગે માહિતી મેળવી હતી. ખેડૂતો સાથે સીધો સંવાદ કરીને તેમની સફળતાની ગાથાઓ પણ જાણી હતી. પ્રગતિશીલ ખેડૂતો દ્વારા પોતાના અનુભવો રજૂ



કરવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે પ્રાકૃતિક કૃષિ એ પ્રકૃતિના નિયમોને અનુસરીને કરવામાં આવતી પરંપરાગત તેમજ વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ છે, જેમાં રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ પધ્ધતિ જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા, ઉત્પાદન ખર્ચ ઘટાડવા અને ગુણવત્તાસભર પાક મેળવવામાં મદદરૂપ બને છે.રાજ્યના ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે પ્રાકૃતિક કૃષિ અને કૃષિ ઉત્પાદનોના મૂલ્યવર્ધન દ્વારા ખેડૂતોની આવકમાં વધારો શક્ય બનશે. તેમણે જણાવ્યું કે રાસાયણિક ખેતીના વધતા ઉપયોગથી જમીન અને માનવ આરોગ્ય પર ગંભીર અસર થઈ રહી છે, જ્યારે પ્રાકૃતિક ખેતી આરોગ્યપ્રદ જીવનશૈલી તરફ દોરી જાય છે. તેમણે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ જેવી યોજનાઓનો ઉલ્લેખ કરીને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. સી. કે. ટીંબડિયા, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી જાડેજા, પ્રાંત અધિકારી નાકીયા, આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ, સ્થાનિક આગેવાનો, ખેડૂતો અને મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. પ્રાકૃતિક કૃષિના વ્યાપક પ્રચાર અને પ્રસાર માટે આ પરિસંવાદ મહત્વપૂર્ણ સાબિત થયો હતો.

## ઉર્જામંત્રી કૌશિક વેકરિયાએ રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત શ્રેષ્ઠ શિક્ષકની મુલાકાત લીધી



અમરેલી, તા.૨૨

ભાજપના વિશેષ જનસંપર્ક અભિયાન અંતર્ગત મંત્રી કૌશિક વેકરિયાએ રાજય અને રાષ્ટ્ર કક્ષાએ સ્પોટર્સમાં શ્રેષ્ઠ કામગીરી બદલ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર આઈ.પી. બારડના ઘરની મુલાકાત લીધી હતી. તેમણે સરકારી ૩૩ વર્ષ અને પ્રાઈવેટ ૧૧ વર્ષ કુલ ૪૪ વર્ષની શિક્ષક તરીકે ફરજ બજાવી હતી. આ ઉપરાંત હોકી ગુજરાતના સીનીયર વાઈસ પ્રેસીડન્ટ, વેઈટ લીફટીંગ એસોસીએશન અમરેલીના સેકેટરી છે.

## કેરિયાચાડ આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે રક્તપિત શોધ અભિયાન કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૩

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૮ થી ૧૮ જૂન ૨૦૨૬ દરમિયાન આયુષ્માન આરોગ્ય મંદિર – કેરિયાચાડ ખાતે રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ કાર્યક્રમ (NLEP) અંતર્ગત રક્તપિત શોધ અભિયાન (LCDC) અને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આરોગ્ય ટીમે ગામમાં ઘરે-ઘરે જઈ સંભવિત દર્દીઓનો સર્વે કર્યો હતો અને લોકોને રક્તપિતના પ્રારંભિક લક્ષણો વિશે વિસ્તૃત સમજ આપી હતી. ગ્રામજનોને માર્ગદર્શન અપાયું



હતું કે સમયસર સારવારથી કુષ્ઠરોગ સંપૂર્ણપણે મટી શકે છે, તેથી લક્ષણો જણાય તો તાત્કાલિક નિદાન કરાવવું અને દર્દીઓ પ્રત્યે ભેદભાવ રાખવો નહીં.આ સમગ્ર કામગીરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર. એમ. જોશી સહિતના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ હાથ ધરાઈ હતી. કાર્યક્રમને સફળ બનાવવા CHO જીનલબેન ડોડીયા, આરોગ્ય કર્મચારીઓ અને આશા કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી, જેમાં સ્થાનિક નાગરિકોનો પણ ઉત્સાહપૂર્ણ સહકાર સાંપડ્યો હતો.

## અમરેલીના વરસડા ગામે ટોર્ચ લાઈટ કરવા મુદ્દે ઢીકાપાટુનો માર માર્યો

અમરેલી, તા. ૨૨

અમરેલીના વરસડા ગામે ટોર્ચ લાઈટ કરવા મુદ્દે ઢીકાપાટુનો માર માર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ અંગે દિલુભાઈ સુરીંગભાઈ ધાધલ (ઉ.વ.૫૦)એ તેમના જ ગામના ચંપુભાઈ વલકુભાઈ ધાધલ, લાઠીના દુધાળા ગામના માણકુભાઈ નાનાભાઈ ખુમાણ તથા લાલાભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ રાત્રિના સમયે પોતાની વાડીએ નીલગાય આવી છે કે કેમ તે જોવા માટે ટોર્ચ લાઈટ કરતા હતા. આ ટોર્ચ લાઈટનો પ્રકાશ આરોપીઓ પર પડતાં તેમને સારું ન લાગતા ગાળો આપી હતી. તે દરમિયાન ચંપુભાઈ ધાધલે લાકડીનો એક ઘા જમણી આંખના ભમર (નેણ) પર મારી મૂઢ ઈજા પહોંચાડી હતી. આ સાથે ત્રણેય આરોપીઓએ તેમને શરીરે ઢીકાપાટુનો માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલીયા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલા બાયપાસ પાસેથી ૧૩, રાજુલામાંથી ૪ જુગારી પોલીસ ઝપટે ચડ્યા

સાવરકુંડલા, તા. ૨૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે સ્થળેથી ૧૭ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. સાવરકુંડલા બાયપાસ ચોકડી પાસે લીંડકીયા નેરામાંથી નરેશભાઈ બીજલભાઈ ઝીંજવાડીયા, જતીનભાઈ નરેશભાઈ મકવાણા, અક્ષયભાઈ ધીરૂભાઈ પરમાર, રોહીતભાઈ ભરતભાઈ મકવાણા, અમરૂભાઈ હરસુરભાઈ ભાંભળા, આકાશભાઈ ભરતભાઈ મોરવાડીયા, નીલેષભાઈ મધુભાઈ ગોહીલ, શુભમભાઈ જયસુખભાઈ મોરવાડીયા, વિશાલભાઈ પ્રવીણભાઈ સોલંકી, અજયભાઈ ઘુઘાભાઈ મકવાણા, વિજયભાઈ ઘુઘાભાઈ મકવાણા, સચિનભાઈ જેન્તીભાઈ ઝીંઝુવાડીયા તથા ધીરૂભાઈ જીવરાજભાઈ પીપળીયા ગંજીપત્તાંના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા, કુલ રોકડા રૂ. ૫૬,૨૩૦ તથા હાથબત્તી મળી કુલ રૂ. ૫૬,૩૩૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. જ્યારે રાજુલામાંથી વિક્રમભાઈ હિંમતભાઈ મકવાણા, મુકેશભાઈ ગોબરભાઈ ઢોળીયા, રોનકભાઈ જેન્તીભાઈ ગોરા તથા અલ્પેશભાઈ ઉર્ફે કુકો છગનભાઈ કલસરીયા તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂ. ૧૦,૧૫૦ સાથે પકડાયા હતા.

## સાવરકુંડલાના વાંશિયાળીના ભાજપ અગ્રણી પ્રકાશ પાનસુરીયા વિરૂધ્ધના આક્ષેપો પાયાવિહોણા

**સામાજિક આગેવાન સામે ભાજપ અગ્રણી દ્વારા કાયદાકિય કાર્યવાહી કરવાની તૈયારી**

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા પંચાયતની શેલણા બેઠકના ભાજપના સભ્ય અને સામાજિક અગ્રણી પ્રકાશભાઈ હિમતભાઈ પાનસુરીયાએ પુરાવા સાથે વિગતો રજૂ કરી જણાવ્યું છે કે, મૂળ વાંશિયાળા ગામના વતની રાજકોટ નોકરી કરતા વિનોદભાઈ બગડાએ સત્યની ખરાઈ કર્યા વિના પોતાના હોદ્દાનો દુરુપયોગ કર્યો છે. તેમણે રાગદ્વેષ રાખી અન્ય ઈસમો સાથે મળીને પ્રકાશભાઈની વડીલો પાર્જિત ખાનગી જમીન બાબતે ખોટા આક્ષેપોવાળી અરજીઓ સરકારી કચેરીઓમાં કરી હતી. આ ખોટા સમાચારો અખબારોમાં છપાવી અને સોશિયલ મીડિયામાં શેર કરી પ્રકાશભાઈની સામાજિક તેમજ રાજકીય પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવામાં આવી છે.ભૂતકાળમાં સરપંચ અને ભાજપના વિવિધ પ્રતિષ્ઠિત હોદ્દાઓ ભોગવી ચૂકેલા પ્રકાશભાઈએ આ પાયાવિહોણા આક્ષેપો કરનાર વિનોદભાઈ બગડા સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તૈયારી શરૂ કરી છે.




### અવસાન નોંધ

**બગસરા**

રાણપુર ગામના નિવાસી હાલ જૂનાગઢ પરજીયા સોની પુષ્પાબેન ભુપતલાલ ધકાણ ઉંમર વર્ષ ૭૮ તે નાનજીભાઈ વિઠ્ઠલભાઈ ધોરડા બગસરા વાળાની દીકરી તેમજ રામજીભાઈ નાનાભાઈની દીકરી તેમજ દામોદરભાઈ, દલશુખભાઈ ની મોટાભાઈની દીકરી અને વિજયભાઈ, ભનુભાઇ, હર્ષદભાઈ, હિતેષભાઇના બેન તેમજ જીગ્નેશભાઈ ફઈ નું તા. ૨૧ ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.







### -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૩૩/૨૦૨૬ તા.૧૫/૦૬/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. વાઘજીભાઈ ભોળાભાઈ દોંગા
રહે.નેસડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી નેસડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી વાઘજીભાઈ ભોળાભાઈ દોંગાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૫૯ ના રોજ મુ.નેસડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૫/૦૭/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

### -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૭૦/૨૦૨૬ તા.૧૬/૦૬/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. ભુપતભાઈ ગોવિંદભાઈ મુંધવા
રહે.કૃષ્ણગઢ મીતીયાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી કૃષ્ણગઢ મીતીયાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી ના પુત્ર જગદીશ ભુપતભાઈ મુંધવાનો જન્મ તા.૧૨/૦૮/૧૯૯૪ ના રોજ મુ.કૃષ્ણગઢ મીતીયાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૭/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૫૦/૨૬ તા.૦૩/૦૬/૨૦૨૬

**વિવાદી :- શ્રી મેતલીયા ઘનશ્યામભાઈ બાવાભાઈ**
**રહે.મતિરાળા, તા.લાઠી, જી.અમરેલી**

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.મતીરાળા, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.મતીરાળા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો મેતલીયા ઘનશ્યામભાઈ બાવાભાઈનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ ના રોજ મતીરાળા, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૦/૦૩/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૫/૦૬/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

### -// જાહેર નોટીસ //-

### મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી

ફો.પ.અ. નં.૮૧/૨૦૨૬

**અરજદાર :- ભટ્ટ મહિપતરાય વજેશંકર**
ઉ.વ.૭૦ પુખ્ત, ધંધો નીવૃતી, ધર્મે હિન્દુ/બ્રાહ્મણ
રહે.જાનબાઈ દેરડી, તા.લાઠી, જી.અમરેલી
અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી.કોટડીયા રહે.લાઠી

- //વિરૂધ્ધ//-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી ત.ક.મ.અધિકારી,
જાનબાઈ દેરડી ગ્રામપંચાયત

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પોતે જાનબાઈ દેરડી ગામના રહેવાસી છે. અરજદારના પુત્ર ભટ્ટ દુષ્યંતભાઈ મહિપતરાયની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારના પુત્ર ભટ્ટ દુષ્યંતભાઈ મહિપતરાયનો જન્મ જે તે સમયે જાનબાઈ દેરડી મુકામે જન્મ તારીખ ૦૮/૦૭/૧૯૮૫ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ ૦૧/૦૭/૨૦૨૬ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ : લાઠી.**
**તા.૧૮/૦૬/૨૦૨૬**

**શીરસ્તેદાર ઓફ**
**લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ**
**સાહેબની કચેરી**

# ગોપાલગ્રામ ખાતે મોગલ માનવસેવા ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ

અમરેલી,તા.૨૨

ચલાલા અને આસપાસના વિસ્તારમાં વિવિધ સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓ કરતી શ્રી મોગલ માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગોપાલગ્રામની ભક્તિબા કન્યા શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. તા. ૨૦ જૂનના



રોજ દરબારગઢના પટાંગણમાં યોજાયેલા કાર્યક્રમમાં કીર્તિકુમાર ભટ્ટે ઉપસ્થિત મહાનુભાવોને આવકારી સ્વાગત કર્યું હતું. ટ્રસ્ટના સંયોજક રાજુભાઈ જાની અને ગોપાલગ્રામ દરબાર સ્મારક ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી વિપુલભાઈ ભટ્ટીએ શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં સામાજિક, રાજકીય અને શૈક્ષણિક ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાથમિક શાળાના આચાર્ય મેધાબેન પંડ્યા તથા શિક્ષકગણે પણ હાજરી આપી હતી. કાર્યક્રમનું અસરકારક સંચાલન ડૉ. વાળા સાહેબે કર્યું હતું. અંતે ટ્રસ્ટી કીર્તિભાઈ ભટ્ટે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જનક તળાવીયાના પ્રયાસોથી લાઠી-બાબરામાં ૧૬ નવા આંગણવાડી કેન્દ્રોને મળી મંજૂરી

લાઠી, તા.૨૨

લાઠી-બાબરા વિધાનસભા વિસ્તારમાં બાળ વિકાસ અને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે ૧૬ નવા આંગણવાડી કેન્દ્રોના નિર્માણ માટે રૂ. ૨.૮૮ કરોડ મંજૂર કર્યા છે. ધારાસભ્ય જનક તળાવીયાના સતત પ્રયાસો અને અસરકારક રજૂઆતોના પરિણામે લાઠી તાલુકામાં ૮ તથા બાબરા તાલુકામાં ૮ કેન્દ્રોનું નિર્માણ થશે. દરેક કેન્દ્ર માટે રૂ. ૧૮ લાખની ફાળવણી કરવામાં આવી છે.

નવા કેન્દ્રોથી બાળકોને ગુણવત્તાયુક્ત પૂર્વ પ્રાથમિક શિક્ષણ, પોષણયુક્ત આહાર અને આરોગ્ય સેવાઓ વધુ સારી રીતે ઉપલબ્ધ બનશે. સગર્ભા અને ધાત્રી



માતાઓને પણ વિવિધ સરકારી યોજનાઓનો લાભ સરળતાથી મળશે. ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું કે ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક સુવિધાઓથી સજ્જ આંગણવાડી કેન્દ્રો બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

સ્થાનિક લોકોએ આ નિર્ણયને આવકારી રાજ્ય સરકાર અને ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો છે.

# સાવરકુંડલાના યુવકનો ફોન ખિસ્સામાંથી સરકી ગયો

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલાના એક યુવકનો ફોન પેન્ટના ખિસ્સામાંથી પડી ગયો હતો, જેને કોઈ અજાણ્યો ઈસમ ઉપાડીને ફરાર થઈ ગયો હતો.

આ અંગે જયદીપભાઈ ખોડાભાઈ સિંધવ (ઉ.વ. ૨૫)એ અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ સાવરકુંડલા-મહુવા રોડ ઉપર આવેલ માર્કેટિંગ યાર્ડમાં ગાડી ભરતા હતા. ગાડી ભરાઈ ગયા બાદ તેઓ ઘરે પરત આવ્યા, તે દરમિયાન રૂ. ૨૬,૯૯૯નો ફોન પેન્ટના ખિસ્સામાંથી રસ્તામાં ક્યાંક પડી ગયો હતો, જે કોઈ અજાણ્યો ઈસમ લઈ ગયો હતો.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ રાઠોડ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલા તાલુકામાં નિઃશુલ્ક યોગ પ્રોટોકોલ શિબિરનું આયોજન

રાજુલા, તા.૨૨

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે તથા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ રાજુલા તાલુકામાં ૨૧ દિવસીય નિઃશુલ્ક યોગ પ્રોટોકોલ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકાની વિવિધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજિક સંગઠનોમાં



યોજાયેલી આ શિબિર દ્વારા યોગના મહત્વ અંગે વ્યાપક જાગૃતિ ફેલાવવામાં આવી હતી. શિબિર દરમિયાન યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનની તાલીમ સાથે યોગના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક લાભોની માહિતી આપવામાં આવી હતી. સરકારી કર્મચારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નિયુક્ત રાજુલા તાલુકા યોગ કોચ ભૂમિ મજુકોડિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ શિબિરને સારો પ્રતિસાદ મળ્યો હતો.

# જાફરાબાદના લોઠપુર ગામે ભત્રીજાએ કાકાને મારી નાખવાની ધમકી આપી

જાફરાબાદ, તા.૨૨

જાફરાબાદના લોઠપુર ગામે યુવક પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે મહેશભાઈ ભાણાભાઈ બારૈયા (ઉ.વ.૩૬)એ ચંદુભાઈ રામભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ, તેમનો ભત્રીજો ચંદુભાઈ રામભાઈ બારૈયા તેના ઘરે ઝગડો કરતો હોવાથી તેઓ તેને સમજાવવા ગયા હતા. જોકે, ચંદુભાઈને આ વાત સારી ન લાગતા, તેણે જેમ-ફાવે તેમ ગાળો આપી હતી અને છરી મારવા જતા (મહેશભાઈને) જમણા હાથની હથેળીમાં તથા પેટના ભાગે સાધારણ છોલાણ થયું હતું. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એમ. ચુડાસમા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ગ્રામ્ય વિસ્તારો માટે ઈ-રિક્ષા વાહનોનું લોકાર્પણ

અમરેલી,તા.૨૨

જિલ્લા પંચાયત ખાતે ‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન હેઠળ ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે પર્યાવરણ અનુકૂળ ઈ-રિક્ષા વાહનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વ્યવસ્થાથી અમરેલી, કુંકાવાવ, ખાંભા, લીલીયા, રાજુલા અને સાવરકુંડલાના ગ્રામીણ વિસ્તારોમાં ઘરે-ઘરેથી વૈજ્ઞાનિક



ઢબે ઘન કચરો એકત્ર કરી તેનો યોગ્ય નિકાલ કરાશે. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લામાં વાહનચાલકોએ બે અકસ્માત સર્જ્યા, જાનહાનિ નહીં

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં માર્ગ અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. ગંભીર બેદરકારી અને પૂરઝડપે વાહન ચલાવવાના કારણે બે અલગ-અલગ સ્થળોએ અકસ્માતો સર્જાયા હોવાની ઘટનાઓ સામે આવી છે. આ અકસ્માતોમાં ત્રણ લોકોને નાની-મોટી અને ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી.પ્રથમ ઘટના અમરેલી-ચલાલા હાઈવે રોડ પર આવેલા ગાવડકા ચોકડી પાસે બની હતી.

સરંભડા ગામે રહેતા અભિષેકભાઈ નરેશભાઈ કોલા (ઉ.વ. ૨૧)એ ધારીના કરમદડી ગામના રવિભાઈ અશોકભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ પોતાનું જ્યુપિટર સ્કૂટર/મોટરસાયકલ લઈને અમરેલીથી પોતાના ગામ સરંભડા તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન ગાવડકા ચોકડી પાસે સામેથી આવતા અન્ય એક મોટરસાયકલના ચાલકે તેમને ટક્કર મારી હતી. જેમાં તેમને જમણા હાથના ખભા પર તેમજ ડાબા હાથની હંસડીના ભાગે ફ્રેક્ચર થવા જેવી ગંભીર ઈજાઓ થઈ હતી, જ્યારે બંને પગમાં છોલાયું હતું. બીજી ઘટનામાં અમરેલીના જેશિંગપરા પુલ પાસે રોંગ સાઈડમાં આવતી બાઈક અને બોલેરો વચ્ચે અકસ્માત થયો હતો. પીઠડીયા ગામના અમિતભાઈ રામજીભાઈ વાળા (ઉ.વ. ૩૪)એ બાઈક ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ પોતાની બોલેરો ફોર-વ્હીલર ગાડી લઈને અમરેલીથી બગસરા તરફ જઈ રહ્યા હતા. જ્યારે તેઓ અમરેલીના જેશિંગપરાનો પુલ ઉતરવાના હતા, ત્યારે જ સામેથી રોંગ સાઈડમાં ધસી આવતા એક મોટરસાયકલ ચાલકે બોલેરો ગાડી સાથે પોતાનું બાઈક ભટકાવ્યું હતું. સામેથી આવતા બાઈકને જોઈને તેમણે બ્રેક મારી દીધી હતી, પરંતુ અકસ્માત એટલો જોરદાર હતો કે બોલેરો ગાડીની એરબેગ ખુલી ગઈ હતી. એરબેગ ખુલવાના કારણે તેમને છાતીના ભાગે મૂઢ માર વાગ્યો હતો.

આ ઉપરાંત ડાબા હાથ પર છોલાયું હતું અને જમણા હાથના અંગૂઠા પાસે ફ્રેક્ચર થયું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: નોમ
તા.૨૩-૦૬-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૨૪,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત

## દૈનિક રાશિફળ

તા.૨૩-૦૬-૨૦૨૬ મંગળવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઇને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે. આજે હવામાન પણ અનુકૂળ રહેશે નહીં.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે.

મકર: આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. જો તમે કામ કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે.

# બાબરાની કમળશી હાઈસ્કૂલ ખાતે તાલુકા વહીવટી તંત્ર દ્વારા યોગ દિવસની ઉજવણી

અમરેલી,તા.૨૨

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે બાબરા તાલુકા વહીવટી તંત્ર દ્વારા સરકારી કમળશી હાઈસ્કૂલ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે યોગનું મહત્વ સમજાવી, નિયમિત યોગાભ્યાસ દ્વારા તંદુરસ્ત જીવનશૈલી અપનાવવાનો સંદેશ



આપ્યો હતો. ત્યારબાદ પ્રશિક્ષકોના માર્ગદર્શન હેઠળ સૌએ ઉત્સાહપૂર્વક સામૂહિક યોગાસનો અને પ્રાણાયામ કર્યા હતા. આ ઉજવણીમાં બાબરા નગરપાલિકાના પ્રમુખ પ્રતિનિધિ રમેશભાઈ પરવાડિયા, કારોબારી ચેરમેન ભરતભાઈ રંગપરા સહિતના રાજકીય આગેવાનો અને વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પોલીસ સ્ટાફ, હોમગાર્ડ, નગરપાલિકા, આરોગ્ય અને મામલતદાર કચેરીના કર્મચારીઓ તેમજ વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમ દ્વારા સમાજમાં તણાવમુક્ત જીવન અને આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# રાજુલાના રામપરા-૨ ગામે યુવકને હાથમાં ફ્રેક્ચર કરી ધમકી આપી

રાજુલા, તા. ૨૨

રાજુલાના રામપરા-૨ ગામે યુવકને હાથમાં ફ્રેક્ચર કરી જાનથી મારવાની ધમકી આપી હતી. નાથાભાઈ જીણાભાઈ વાઘ (ઉ.વ. ૪૫) એ તેમના જ ગામના વાજસુરભાઈ વિરાભાઈ વાઘ તથા સનાભાઈ વિરાભાઈ વાઘ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, ફરિયાદીનો દીકરો જયદીપ પિંજરાવાળી વાડીએ માલઢોર ચારતો હતો તે દરમિયાન આરોપીઓ ત્યાં જઈ ગાળો બોલતા હતા. જેથી તેમનો દીકરો ત્યાંથી ભાગવા જતા વાજસુરભાઈએ તેના દીકરાને લાકડાના ધોકાનો છૂટો ઘા કરી પછાડી દીધો હતો. સનાભાઈ વાઘે તેને પકડી રાખ્યો હતો અને વાજસુરભાઈએ લાકડાના ધોકા વડે તેમજ કુહાડીના હાથા વડે પગના ભાગે તેમજ હાથના ભાગે આડેધડ માર માર્યો હતો. બંને આરોપીઓએ મારામારી કરી તેના દીકરાને ડાબા હાથે ફ્રેક્ચર કરી ગંભીર ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૭૦/૨૬ તા.૦૮/૦૬/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી પરમાર પ્રકાશભાઈ કરશનભાઈ**
**રહે.દુધાળા લાઠી, તા.લાઠી, જી.અમરેલી**
**મો.૮૮૪૯૭ ૧૭૯૪૩**

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.દુધાળા લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દુધાળા લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો પરમાર પ્રકાશભાઈ કરશનભાઈનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ ના રોજ દુધાળા લાઠી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૨/૦૫/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૧/૦૭/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૫૭/૨૬ તા.૦૩/૦૬/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી અરજણભાઈ કુરજીભાઈ મીઠાપરા**
**રહે.ભગવતીપરા, કેરીયા રોડ, લાઠી, તા.લાઠી, જી.અમરેલી મો.૯૯૨૫૪ ૨૫૩૨૨**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી પંકજભાઈ પી. પરમાર એડવોકેટ**
**તાલુકા પંચાયત સામે, તા.લાઠી. મો.૯૯૭૯૧ ૪૦૨૯૯**

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી નગરપાલીકા
મુ.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો અરજણભાઈ કુરજીભાઈ મીઠાપરાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ ના રોજ લાઠી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૧/૦૪/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૫/૦૬/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

**-: જાહેર નોટીસ :-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૩૫/૨૦૨૬

**અરજદારશ્રી:-** શ્રી અર્જુનભાઈ મગનસિંહ બુંદઈ
રે.ઢોલીયા, તા.કુકસી, જી.ધાર
રાજ્ય. મધ્યપ્રદેશ

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી નાજાપુર, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી અર્જુનભાઈ મગનસિંહ બુંદઈએ તેમના પુત્ર આરીશનો જન્મ તા૦૧/૦૧/૨૦૨૫ ના રોજ મુ.નાજાપુર, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

**તંત્રી લેખ**

# હોરમુઝ સમજૂતી પછી પણ અનિશ્ચિતતા

અમેરિકા અને ઈરાન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી તણાવભરી પરિસ્થિતિમાં થોડા દિવસો માટે શાંતિ અને સમાધાનની આશા જાગી હતી, પરંતુ હવે ફરી એકવાર અનિશ્ચિતતાના વાદળો ઘેરાયા છે. જીનીવામાં યોજાનારી શાંતિ સમજૂતીની પ્રક્રિયામાં ઈરાનના પાછા ખસી જવાથી અને અમેરિકાના ઉપપ્રમુખ જે. ડી. વાન્સની સંભવિત મુલાકાત પણ રદ થતાં વૈશ્વિક રાજકારણ, ઊર્જા બજારો અને રોકાણકારોમાં નવી ચિંતા ઊભી થઈ છે. મધ્યપૂર્વમાં બનતી દરેક ઘટનાની સીધી અસર વિશ્વ અર્થતંત્ર પર પડે છે અને આ વખતે પણ સ્થિતિ અલગ નથી.

હોરમુઝની ખાડી વિશ્વના સૌથી મહત્વપૂર્ણ જળમાર્ગોમાંની એક ગણાય છે. વિશ્વના મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ અને ગેસનો વેપાર આ માર્ગ મારફતે થાય છે. તાજેતરમાં સંઘર્ષમાં તાત્કાલિક રાહત મળતાં માત્ર એક દિવસ માટે જહાજી પરિવહન સામાન્ય બન્યું હતું, પરંતુ એટલા સમયમાં પણ ઈરાનનું અંદાજે બે કરોડ બેરલ ક્રૂડ તેલ વૈશ્વિક બજારોમાં પહોંચ્યું હોવાનું માનવામાં આવે છે. આ ઘટનાએ દર્શાવ્યું કે હોરમુઝનું મહત્વ કેટલું વિશાળ છે. હવે ફરીથી શાંતિ સમજૂતીનું ભવિષ્ય અધ્ધરતાલ બનતાં જહાજ વ્યવહાર અંગે નવા નિયમો અને નિયંત્રણોની ચર્ચા શરૂ થઈ છે.

ઈરાને હોરમુઝમાંથી પસાર થતા જહાજો માટે આગોતરી જાણકારી અને વીમા સંબંધિત નિયમોની વાત કરી છે. ભલે હાલ વીમા ખર્ચમાં રાહત આપવામાં આવી રહી હોય, પરંતુ ભવિષ્યમાં ટોલ ફી અથવા વધારાના નિયંત્રણો લાદવામાં આવે તેવી શક્યતા નકારી શકાય નહીં. અમેરિકી નેતૃત્વ તરફથી પણ જળમાર્ગોની મુક્ત અવરજવર જાળવવાની વાત કરવામાં આવી છે, પરંતુ સ્પષ્ટ નીતિ હજુ સામે આવી નથી. આ કારણે ઊર્જા બજારોમાં અસ્થિરતા યથાવત છે.

માત્ર એક દિવસ માટે હોરમુઝ સંકટ ટળતાં વૈશ્વિક શેરબજારો અને કોમોડિટી બજારોને રાહત મળી હતી. તેલના ભાવોમાં મોટો ઉછાળો અટક્યો હતો અને આયાત આધારિત અર્થતંત્રોને થોડો શ્વાસ મળ્યો છે. તેમ છતાં આ રાહત લાંબા સમય સુધી ટકી નહીં.કારણ કે મધ્યપૂર્વમાં રાજકીય પરિસ્થિતિ પળવારમાં બદલાઈ શકે છે. ઈઝરાયલ-હમાસ સંઘર્ષ, યુક્રેન યુધ્ધ અને અમેરિકા-ઈરાન સંબંધો જેવા પરિબળો હજુ પણ વૈશ્વિક બજારો માટે મોટા જોખમ તરીકે હાજર છે.

શાંતિ મંત્રણા નિષ્ફળ જતા વિશ્વપર તેની કેવી ગંભીર અસર પડી રહી છે. તેની તરફ એક નજર કરીએ તો જાણવા મળે છે કે ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં ચોમાસું માત્ર વરસાદ નથી, પરંતુ સમગ્ર અર્થતંત્રની ધમની સમાન છે. ખેડૂતની આવક, ગ્રામ્ય ખરીદશક્તિ, ખાદ્ય સુરક્ષા અને ઔદ્યોગિક માંગ બધું જ ચોમાસા સાથે જોડાયેલું છે.

અત્યારે વિશ્વ માટે સૌથી જરૂરી બાબત સ્થિરતા છે. હોરમુઝમાં શાંતિ જળવાઈ રહે, ચોમાસું સમયસર અને પૂરતું આવે તથા વૈશ્વિક સંઘર્ષો વધુ ન વધે તો અર્થતંત્ર માટે અનુકૂળ વાતાવરણ સર્જાઈ શકે છે. પરંતુ જો આ ત્રણેય મોરચાઓ પર અનિશ્ચિતતા વધશે તો વૈશ્વિક બજારો ફરી એકવાર ભારે અસ્થિરતાનો સામનો કરી શકે છે. તેથી આગામી થોડા મહિના માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ અર્થતંત્ર માટે નિર્ણાયક સાબિત થવાના છે.

# ઊર્જા સંરક્ષણ અને પેટ્રોલ બચત : વર્તમાન સમયની અનિવાર્ય જરૂરિયાત

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

માનવ સભ્યતાના વિકાસમાં ઊર્જા હંમેશાં એક મહત્વપૂર્ણ ઘટક રહયુ છે. આદિકાળથી શરૂ કરીને આજના આધુનિક ઔદ્યોગિક યુગ સુધી આપણી ઊર્જાની જરૂરિયાતો સતત વધતી રહી છે. વર્તમાન સમયમાં આપણે જે જીવનશૈલી જીવી રહ્યા છીએ તે સંપૂર્ણપણે પરંપરાગત ઊર્જા સ્ત્રોતો પર નિર્ભર છે, જેમાં પેટ્રોલિયમ પેદાશો, કોલસો અને કુદરતી વાયુનો સમાવેશ થાય છે. આ સ્ત્રોતોને વિજ્ઞાનની ભાષામાં 'નોન-રિન્યુએબલ એનર્જી રિસોર્સિસ' (પુનઃઅપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતો, એટલે કે એવા ઉર્જા સ્ત્રોતો જેનો જથ્થો મર્યાદિત છે અને એકવાર વપરાઈ ગયા પછી તેને કરોડો વર્ષો સુધી ફરીથી બનાવી શકાતો નથી) તરીકે ઓળખવામાં આવે છે. આજે જ્યારે વૈશ્વિક સ્તરે વાહનોની સંખ્યા અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ ચરમસીમા પર છે, ત્યારે પેટ્રોલ અને અન્ય ઈંધણોનો વપરાશ ચિંતાજનક રીતે વધી રહ્યો છે.

આજના સમયમાં ઊર્જા સંરક્ષણની જરૂરિયાતને સમજવા માટે આપણે વૈશ્વિક વાતાવરણ અને આર્થિક પાસાઓ પર નજર નાખવી પડશે. આપણે જે ઝડપે કૂવાઓમાંથી ક્રૂડ ઓઈલ (કાચું તેલ, જે જમીનમાંથી કુદરતી રીતે નીકળે છે અને શુધ્ધિકરણ પ્રક્રિયા પહેલાંના સ્વરૂપમાં હોય છે) બહાર કાઢી રહ્યા છીએ, તેનાથી આગામી થોડા દાયકાઓમાં આ ભંડારો સમાપ્ત થઈ જવાનો ભય સેવાઈ રહ્યો છે. ઊર્જાની બચત માત્ર કુદરતી સંસાધનોને લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે જ જરૂરી નથી, પરંતુ તે ગ્લોબલ વૉર્મિંગ (વૈશ્વિક તાપમાનમાં વધારો, જે ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનને કારણે પૃથ્વીની સપાટી ગરમ થવાની પ્રક્રિયા છે) ની ગંભીર સમસ્યાને નિયંત્રિત કરવા માટે પણ એટલી જ મહત્વપૂર્ણ છે. જ્યારે વાહનોમાં પેટ્રોલનું દહન થાય છે, ત્યારે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ અને નાઈટ્રોજન ઓક્સાઈડ જેવા હાનિકારક વાયુઓ મુક્ત થાય છે જે વાયુ પ્રદૂષણમાં વધારો કરે છે. ભારત જેવા દેશ માટે, જે પોતાની જરૂરિયાતનું મોટાભાગનું પેટ્રોલિયમ વિદેશથી આયાત કરે છે, તેના માટે ઊર્જા બચત સીધી રીતે દેશના આર્થિક સ્વાસ્થ્ય અને રાજકોષીય ખાધ (દેશની આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધી જવું તે) સાથે જોડાયેલી છે. જો દરેક નાગરિક ઊર્જા બચત તરફ એક નાનું પગલું પણ આગળ વધારે, તો સામૂહિક રીતે આપણે એક વિશાળ પરિવર્તન લાવી શકીએ છીએ અને આવનારી પેઢીને વધુ સુરક્ષિત ભવિષ્ય આપી શકીએ છીએ.

પેટ્રોલની બચત કરવાની સૌથી અસરકારક અને તાત્કાલિક રીત આપણી વાહન ચલાવવાની આદતોમાં છુપાયેલી છે. ઘણા ચાલકો અજાણતા જ એવી રીતે વાહન ચલાવે છે જેનાથી ઈંધણનો વ્યય વધુ થાય છે. વાહનને અચાનક ખૂબ જ ઝડપથી ભગાડવું અને પછી એકાએક બ્રેક મારવી એ પેટ્રોલનો વપરાશ ખૂબ વધારી દે છે. આ પ્રક્રિયાને ઓટોમોબાઈલ એન્જિનિયરિંગમાં 'અગ્રેસિવ ડ્રાઈવિંગ' (આક્રમક વાહન સંચાલન, જેમાં ટ્રાફિકના નિયમો અને આર્થિક ગતિની અવગણના કરીને વાહનને અકુદરતી ગતિ આપવામાં આવે છે) કહેવામાં આવે છે. તેના સ્થાને જો વાહનને એકધારી અને મધ્યમ ગતિએ ચલાવવામાં આવે, તો એન્જિન પર બિનજરૂરી દબાણ આવતું નથી અને ઈંધણની મહત્તમ બચત થાય છે. સામાન્ય રીતે ચાલીસથી પચાસ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપને વાહનો માટે 'ઈકોનોમી સ્પીડ' (આર્થિક ગતિ મર્યાદા, એટલે કે એવી ઝડપ જેમાં વાહનનું એન્જિન સૌથી ઓછું ઈંધણ વાપરીને મહત્તમ અંતર કાપે છે) માનવામાં આવે છે. આ ઉપરાંત, હાઈવે પર મુસાફરી કરતી વખતે વારંવાર ગિયર બદલવાનું ટાળવું જોઈએ અને યોગ્ય ગિયર રેશિયો (ગિયરનું પ્રમાણસર આયોજન) જાળવવો જોઈએ જેથી એન્જિન પોતાની કાર્યક્ષમતાનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે.

શહેરી વિસ્તારોમાં ટ્રાફિક જામ એ પેટ્રોલ બગાડવાનું એક મુખ્ય કારણ છે. ચાર રસ્તા પર જ્યારે લાલ લાઈટ હોય અને વાહન લાંબા સમય સુધી ઊભું રાખવાનું હોય, ત્યારે પણ ઘણા લોકો એન્જિન ચાલુ રાખે છે. વિજ્ઞાનના નિયમ મુજબ જો વાહન પંદર સેકન્ડ કરતાં વધુ સમય માટે ઊભું રહેવાનું હોય, તો એન્જિન બંધ કરી દેવું વધુ હિતાવહ છે કારણ કે ચાલુ એન્જિને વાહન સ્થિર ઊભું હોય ત્યારે તેને 'આઈડલિંગ' (નિષ્ક્રિય સ્થિતિમાં એન્જિન ચાલુ હોવું, જેમાં વાહન આગળ વધતું નથી પરંતુ ઈંધણ સતત વપરાય છે) કહે છે, જે પેટ્રોલનો ભારે બગાડ કરે છે.

જેમ માનવ શરીરને સ્વસ્થ રાખવા માટે નિયમિત તપાસ જરૂરી છે, તેમ જ વાહનની નિયમિત સર્વિસિંગ (વાહનની મરામત અને સફાઈ પ્રક્રિયા) પેટ્રોલની બચત માટે અત્યંત આવશ્યક છે. સમયસર એન્જિન ઓઈલ બદલવું, એર ફિલ્ટર (હવા શુધ્ધિકરણ યંત્ર, જે એન્જિનમાં જતી હવાને ધૂળના રજકણોથી મુક્ત રાખે છે) ની સફાઈ કરવી અને સ્પાર્ક પ્લગની સ્થિતિ તપાસવી ખૂબ જ જરૂરી છે. જો એર ફિલ્ટર ચોખ્ખું ન હોય તો એન્જિનને દહન પ્રક્રિયા માટે પૂરતી હવા મળતી નથી, જેના કારણે એન્જિન વધુ પેટ્રોલ ખેંચે છે જેને ટેકનિકલ ભાષામાં 'રિચ ફ્યુઅલ મિક્સચર' (હવાના પ્રમાણ કરતાં ઈંધણનું પ્રમાણ વધી જવું તે) કહેવામાં આવે છે. આ સિવાય વાહનના ટાયરમાં હવાનું દબાણ પણ યોગ્ય હોવું જોઈએ. જો ટાયરમાં હવા ઓછી હોય, તો ટાયરની સપાટી અને રોડ વચ્ચેનું ઘર્ષણ વધી જાય છે, જેને 'રોલિંગ રેઝિસ્ટન્સ' (ગતિ અવરોધક ઘર્ષણ બળ) કહે છે. આ અવરોધને પાર કરવા માટે એન્જિનને વધુ તાકાત કરવી પડે છે અને તેનાથી પેટ્રોલનો વપરાશ પાંચથી દસ ટકા જેટલો વધી જાય છે. તેથી અઠવાડિયે એકવાર ટાયરનું પ્રેશર ચેક કરાવવું એ બચતની દ્રષ્ટિએ ખૂબ ફાયદાકારક છે.

વ્યક્તિગત વાહનોનો આંધળો વપરાશ ઘટાડીને જો આપણે સામૂહિક પરિવહન પ્રણાલી તરફ વળીએ, તો પેટ્રોલની બચતમાં ક્રાંતિકારી ફેરફાર આવી શકે છે. નજીકના અંતરે જવા માટે મોટરસાયકલ કે કારનો ઉપયોગ કરવાને બદલે પગપાળા ચાલવું અથવા સાયકલનો ઉપયોગ કરવો એ સ્વાસ્થ્ય અને પર્યાવરણ બંને માટે ઉત્તમ છે. લાંબા અંતરની મુસાફરી માટે લોકલ બસ, મેટ્રો ટ્રેન કે બીઆરટીએસ જેવી પબ્લિક ટ્રાન્સપોર્ટ (જાહેર પરિવહન સેવાઓ) નો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. ઑફિસે કે વ્યવસાયના સ્થળે જવા માટે એક જ વિસ્તારમાં રહેતા લોકો 'કાર્પૂલિંગ' (વાહનની સહભાગીદારી, જેમાં એક જ દિશામાં જતા ત્રણ-ચાર લોકો અલગ-અલગ વાહન લાવવાને બદલે એક જ કારમાં સાથે પ્રવાસ કરે છે)નો વિકલ્પ અપનાવી શકે છે. આનાથી રસ્તા પર વાહનોની સંખ્યા ઘટશે, ટ્રાફિક ઓછો થશે અને વ્યક્તિગત ખર્ચની સાથે દેશના પેટ્રોલિયમ ભંડારની પણ મોટી બચત થશે.

વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં હવે આપણી પાસે પેટ્રોલના વિકલ્પો ઉપલબ્ધ થઈ રહ્યા છે. ઈલેક્ટ્રિક વ્હીકલ્સ (વીજળીથી ચાલતા વાહનો, જે બેટરીની ઊર્જા પર કામ કરે છે અને બિલકુલ પેટ્રોલ વાપરતા નથી)નો પ્રસાર આ દિશામાં એક મોટું આશાસ્પદ પગલું છે. પેટ્રોલની બચત એ માત્ર આર્થિક ફાયદાનો વિષય નથી પરંતુ તે પૃથ્વી પ્રત્યેની આપણી નૈતિક જવાબદારી છે. કુદરતે આપણને આપેલા સંસાધનો અમર્યાદિત નથી, અને તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો એ આપણી ફરજ છે. સરકારો પોતાના સ્તરે નવી નીતિઓ ઘડી શકે છે, પરંતુ સાચું પરિવર્તન ત્યારે જ આવશે જ્યારે સમાજનો દરેક નાગરિક આ બાબતે જાગૃત બનશે. ઊર્જા સંરક્ષણને આપણે આપણા જીવનનો એક ભાગ બનાવવો પડશે જેથી આપણે પર્યાવરણને પ્રદૂષણ મુક્ત રાખી શકીએ અને આવનારી પેઢીઓ માટે એક લીલીછમ અને સમૃધ્ધ પૃથ્વી મૂકી જઈ શકીએ. સંસાધનોનો સંયમિત ઉપયોગ જ માનવજાતના શાશ્વત અસ્તિત્વની ચાવી છે.



**મધ્ય પૂર્વમાં ભયાનક યુધ્ધને કારણે ઉર્જા સંકટ ઘેરુ બન્યું છે જેને કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવ દિવસે દિવસે આકાશને આંબી રહ્યા છે આવા સંજોગોમાં પેટ્રોલની બચત કરવી, ડીઝલની બચત કરવી અતિ જરૂરી બની ગઈ છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૮૮૧ |
| ઘઉં લોકવન | ૪૫૫ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૮૧ |
| જુવાર સફેદ | ૧૦૭૧ | ૧૧૫૧ |
| જુવાર લાલ | ૧૦૬૧ | ૧૧૭૧ |
| જુવાર પીળી | ૪૩૧ | ૫૦૦ |
| બાજરી | ૩૪૬ | ૪૭૮ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૩૦ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૧૮૦ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૮૦૦ |
| અડદ | ૧૪૩૦ | ૧૮૩૬ |
| મગ | ૧૨૧૧ | ૧૭૫૦ |
| વાલ દેશી | ૬૧૫ | ૧૦૩૦ |
| ચોળી | ૧૦૨૦ | ૧૭૨૦ |
| વટાણા | ૬૫૦ | ૯૫૦ |
| કળથી | ૩૫૧ | ૪૯૦ |
| રાજમા | ૧૦૦૦ | ૨૦૨૮ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૧૭૭૫ |
| મગફળી જાડી | ૧૧૭૫ | ૧૫૩૪ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૫૨૫ |
| તલી | ૧૭૯૦ | ૨૪૩૦ |
| સુરજમુખી | ૯૯૦ | ૧૪૪૦ |
| એરંડા | ૧૨૫૦ | ૧૩૯૫ |
| અજમો | ૧૫૦૦ | ૩૦૩૦ |
| સુવા | ૧૨૧૦ | ૧૪૪૦ |
| સોયાબીન | ૧૦૧૦ | ૧૪૦૦ |
| સીંગફાડા | ૧૩૯૦ | ૧૭૦૫ |
| કાળા તલ | ૨૧૫૦ | ૩૬૭૦ |
| લસણ | ૧૧૧૫ | ૨૫૨૫ |
| ધાણા | ૨૧૦૦ | ૨૬૪૦ |
| ધાણી | ૨૩૦૦ | ૨૮૮૧ |
| વરીયાળી | ૧૩૫૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૩૩૫૦ | ૪૦૭૫ |
| રાય | ૧૪૫૦ | ૧૬૬૯ |
| મેથી | ૯૫૦ | ૧૬૭૦ |
| ઇસબગુલ | ૧૨૪૦ | ૧૮૫૦ |
| અશેરીયો | ૧૦૫૩ | ૧૦૫૩ |
| કલોંજી | ૩૧૫૦ | ૩૪૭૫ |
| રાયડો | ૧૧૩૦ | ૧૪૨૨ |
| રજકાનું બી | ૭૪૦૦ | ૯૯૦૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૬૫ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૨૩ | ૬૫૪ |
| લીંબુ | ૪૭૬ | ૯૧૮ |
| પપૈયા | ૮૫ | ૧૬૨ |
| બટેટા | ૮૯ | ૨૯૨ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૪૨૫ |
| ટમેટા | ૪૪૩ | ૬૨૧ |
| સુરણ | ૮૨૧ | ૧૦૨૫ |
| કોથમરી | ૬૩૫ | ૯૮૦ |
| રીંગણા | ૧૭૧ | ૪૯૫ |
| કોબીજ | ૧૯૮ | ૩૯૨ |
| ફ્લાવર | ૩૨૩ | ૬૮૨ |
| ભીંડો | ૩૬૬ | ૬૯૫ |
| ગુવાર | ૬૯૬ | ૧૩૨૬ |
| ચોળાસીંગ | ૬૨૫ | ૧૧૫૯ |
| ટીંડોળા | ૪૧૫ | ૭૯૨ |
| દુધી | ૧૩૨ | ૨૮૬ |
| કારેલા | ૩૩૫ | ૬૫૪ |
| સરગવો | ૫૨૪ | ૯૩૧ |
| તુરીયા | ૪૮૮ | ૮૧૭ |
| પરવર | ૬૨૩ | ૯૫૪ |
| કાકડી | ૩૨૪ | ૮૮૯ |
| ગાજર | ૨૫૨ | ૪૮૬ |
| વટાણા | ૧૨૦૩ | ૧૬૩૩ |
| ગલકા | ૨૮૭ | ૫૦૫ |
| બીટ | ૨૧૪ | ૪૨૧ |
| મેથી | ૭૭૧ | ૧૧૫૩ |
| ડુંગળી લીલી | ૮૮૫ | ૧૨૮૬ |
| આદુ | ૨૦૨૫ | ૨૬૩૩ |
| મરચા લીલા | ૯૧૧ | ૧૧૨૪ |
| મકાઇ લીલી | ૨૭૭ | ૪૯૨ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૪૫૬ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૧૦ |
| મગફળી જીણી | ૧૧૭૧ | ૧૭૭૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૧૧ |
| સિંગ ફાડીયા | ૧૩૦૧ | ૧૭૫૧ |
| એરંડા / એરંડી | ૧૨૭૧ | ૧૩૭૧ |
| જીરૂ | ૨૪૦૧ | ૪૩૩૧ |
| ક્લંજી | ૧૬૦૧ | ૩૪૯૧ |
| ધાણા | ૧૬૫૧ | ૨૮૭૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૪૫૧ |
| અડદ | ૫૭૧ | ૧૮૪૧ |
| તુવેર | ૧૧૭૧ | ૧૫૫૧ |
| રાયડો | ૧૧૫૧ | ૧૩૬૧ |
| રાય | ૧૦૫૧ | ૧૬૦૧ |
| મેથી | ૧૦૪૧ | ૧૪૪૧ |
| સુરજમુખી | ૯૨૧ | ૧૪૨૧ |
| ગુવાર બી | ૪૭૬ | ૪૭૬ |
| મગફળી જાડી | ૧૧૪૧ | ૧૬૦૧ |
| તલ - તલી | ૧૮૭૬ | ૨૫૧૧ |
| ધાણી | ૧૭૫૧ | ૩૦૧૧ |
| બાજરો | ૩૩૧ | ૪૪૧ |
| જુવાર | ૪૩૧ | ૧૧૫૧ |
| મકાઇ | ૨૫૦ | ૪૯૧ |
| મગ | ૧૧૦૧ | ૧૭૯૧ |
| વાલ | ૬૭૬ | ૯૦૧ |
| ચોળા / ચોળી | ૫૦૧ | ૧૫૯૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૬૦૧ |
| અરીઠા | ૪૨૬ | ૫૦૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૧૧ |
| વટાણા | ૨૯૧ | ૮૬૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૮૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૯૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૫૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૪ | ૬ |
| ફોદીનો પુરા | ૩ | ૫ |
| ગ્રૂણ | ૭૮૦ | ૧૦૦૦ |
| alavipan | ૬ | ૧૨ |
| પરવર | ૭૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૧૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૪ | ૧૫ |
| બીટ પુરા | ૮ | ૧૨ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૧૮૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૬૦૦ |
| મકાઈ ડોડા | ૩૦૦ | ૫૦૦ |
| પાલક પુરા | ૨ | ૬ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૦૦૫ | ૧૩૯૦ |
| શિંગદાણા | ૧૫૨૦ | ૨૧૩૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૬૦ | ૧૬૮૦ |
| તલ સફેદ | ૧૧૫૦ | ૨૬૦૦ |
| તલ કાળા | ૨૧૨૦ | ૩૯૩૫ |
| તલ કાશમીરી | ૧૯૦૦ | ૨૪૨૦ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૦૦ |
| અડદ | ૧૫૪૫ | ૧૫૪૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૬૦ |
| સફેદ ચણા | ૧૦૧૦ | ૧૧૬૫ |
| છોલે ચણા | ૧૨૩૦ | ૧૨૩૦ |
| તુવેર | ૮૧૦ | ૧૫૦૫ |
| કપાસ | ૮૦૦ | ૧૯૨૦ |
| એરંડા | ૮૦૦ | ૧૩૩૦ |
| જીરૂ | ૧૮૦૦ | ૩૭૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૨૬૯૫ |
| ધાણી | ૨૩૬૦ | ૨૭૭૦ |
| મેથી | ૮૦૦ | ૧૩૩૫ |
| સોયાબીન | ૧૦૧૦ | ૧૩૪૫ |
| રજકાનું બી | ૨૬૦૦ | ૯૭૦૦ |
| ઘઉં બંસી | ૪૭૦ | ૪૭૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| શક્કરીયા | ૬૮૦ | ૭૯૦ |
| ટમેટાં | ૭૬૦ | ૧૦૦૦ |
| સુરણ | ૮૨૦ | ૯૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૨૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૧૦ | ૧૩૩૦ |
| વટાણા | ૨૫૦૦ | ૨૬૦૦ |
| ચોળા લીલા | ૧૨૨૦ | ૧૨૯૦ |
| તુરીયા | ૯૨૦ | ૧૦૩૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૨૩૦૦ | ૨૪૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૯૦૦ |
| મેથીભાજી | ૧૮૦૦ | ૨૦૦ |
| ફોદીનો | ૪૨૦ | ૫૨૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૪૯૦ |
| સરગવો | ૬૫૦ | ૭૨૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૨૩૦ | ૫૦૦ |
| લસણ સુકુ | ૧૨૫૦ | ૨૧૫૦ |
| પાલક | ૬૫૦ | ૭૦૦ |
| લીબુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| પાકી કેરી | ૫૦૦ | ૧૩૦૦ |
| કાચી કેરી | ૧૦૫૦ | ૨૦૫૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૪૦૫ | ૧૪૭૦ |
| શીંગ મોટી | ૧૩૭૫ | ૧૪૫૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૬૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૫૭૬ |
| જીરૂ | ૩૨૩૨ | ૪૧૪૧ |
| કપાસ | ૧૫૦૦ | ૧૯૧૭ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૫ |
| ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૨૦ |
| બાજરો | ૪૦૦ | ૫૩૦ |
| જુવાર | ૬૦૦ | ૧૦૮૨ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૫૫ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૪૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૮૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૨૫ |
| રાય/રાયડો | ૧૩૫૦ | ૧૫૧૬ |
| ધાણા | ૨૨૦૦ | ૨૮૦૧ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ઘઉં લોકવન | ૪૩૬ | ૪૬૭ |
| ચણા | ૧૦૪૦ | ૧૧૩૩ |
| તુવેર | ૧૦૬૦ | ૧૫૩૫ |
| ધાણા | ૨૪૮૦ | ૨૭૫૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૯૪૯ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૩૭૫ |
| કલોંજી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| મગ | ૧૦૭૦ | ૧૭૨૬ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૬૮૭ |
| મગફળી નવી | ૧૧૦૦ | ૧૪૦૬ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૧૪ |
| ઘઉં | ૪૨૫ | ૪૯૮ |
| રાય | ૧૩૦૦ | ૧૫૫૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૩૫૦ |
| મેથી | ૮૦૦ | ૧૨૫૦ |
| જુવાર | ૮૦૦ | ૧૦૫૦ |
| ચોળી | ૭૫૦ | ૧૫૪૦ |
| અડદ | ૧૮૦૦ | ૧૯૦૩ |
| મગ | ૧૪૦૦ | ૧૮૭૮ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૬૨ |
| સફેદ તલ | ૧૯૫૦ | ૨૪૪૦ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૫૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૯૦ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૩૯૮ |
| રજકો | ૩૦૦૦ | ૯૩૦૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૮૭૫ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૨૭૫૦ |
| કપાસ | ૧૦૫૦ | ૧૭૬૦ |
| બાજરો | ૩૫૦ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૪૯૬ |
| જુવાર | ૪૦૦ | ૧૧૫૮ |
| મકાઇ | ૩૧૦ | ૪૮૦ |
| મગ | ૧૫૦૧ | ૧૭૬૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૮૦૧ | ૧૧૨૧ |
| ધાણા | ૨૨૨૨ | ૨૨૫૧ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૦૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૧૦ | ૧૮૩૨ |
| કપાસ મીડીયમ | ૧૫૫૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૪૫ | ૧૩૨૫ |
| તલ સફેદ | ૧૫૭૦ | ૨૪૧૦ |
| તલકાળા | ૩૦૧૫ | ૩૯૦૦ |
| જીરૂ | ૩૧૧૦ | ૩૯૦૦ |
| ચણા | ૧૧૨૦ | ૧૧૫૦ |
| ઘઉં | ૪૫૫ | ૫૧૫ |

### બગસરા

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૦૦ | ૧૨૩૦ |
| ઘઉં લોકવન | ૩૬૧ | ૪૬૮ |
| મેથી | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૪૯૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૦૨ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૭૦૫ |
| ચોળી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| તલકાળા | ૨૩૫૦ | ૨૩૫૦ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૩૬૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૫૦ |
| મગ | ૧૫૨૫ | ૧૫૨૫ |
| શીંગદાણા | ૧૮૫૦ | ૧૮૫૦ |
| લસણ | ૬૫૦ | ૭૩૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૫૦ |
| રાયડો | ૧૦૬૧ | ૧૦૬૧ |


### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૮૦ | ૧૮૫૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૬૫ |
| જુવાર | ૧૮૦ | ૪૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૮૦ |
| મગ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ધાણા | ૮૦૦ | ૧૧૪૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૫૦ |
| મગફળી | ૮૫૦ | ૧૪૭૨ |
| શિંગદાણા | ૧૫૦૦ | ૨૨૮૦ |
| શિંગફાડા | ૧૨૫૦ | ૧૬૨૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૩૬૦ |
| તલકાળા | ૧૪૦૦ | ૩૨૬૦ |
| રાય | ૧૨૦૦ | ૧૩૫૦ |
| મેથી | ૭૦૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૧૮૦૦ | ૩૬૦૦ |
| ધાણા | ૧૬૦૦ | ૨૨૦૦ |
| લસણ | ૭૫૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૪૮૬ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૫૧૦ | ૧૧૨૦ |
| બાજરો | ૩૩૦ | ૫૧૫ |
| ઘઉં | ૩૫૦ | ૫૦૦ |
| મગ | ૧૫૧૫ | ૧૯૦૦ |
| અડદ | ૧૪૭૦ | ૧૭૪૫ |
| તુવેર | ૫૦૦ | ૧૩૫૫ |
| ચોળી | ૧૧૦૦ | ૧૫૧૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૧૦ |
| ચણા | ૬૦૦ | ૧૧૪૩ |
| ચણા સફેદ | ૮૦૦ | ૧૭૪૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૫૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૭૦ |
| એરંડા | ૯૫૦ | ૧૩૦૦ |
| તલ | ૧૫૦૦ | ૨૫૪૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૫૮૫ |
| રાયડો | ૧૨૦૦ | ૧૩૫૪ |
| રાઈ | ૧૨૦૦ | ૧૫૮૦ |
| લસણ | ૮૦૦ | ૨૧૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૧૫૦ |
| અજમો | ૨૭૯૫ | ૩૩૧૫ |
| અજમા ની ભૂસી | ૧૦૦ | ૨૫૩૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૬૧૧ |
| ડુંગળી સૂકી | ૮૦ | ૪૧૫ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૭૪૦ |
| વટાણા | ૪૫૦ | ૭૮૦ |
| કલોંજી | ૧૪૭૫ | ૩૪૨૫ |
| રાજમા | ૧૫૦૦ | ૧૬૪૦ |

## શબ્દ સંજોગ-૨૨૧૯



**આડી ચાવી :**
(૧) વેપારમાં શાખ (૩)
(૩) અધિકમાસ (૪)
(૬) વેપારરોજગાર, વાણિજય (૪)
(૭) તે (૨)
(૯) જપ્ત,ગુનાસર દંડરૂપે સરકારે કબજે કરેલું (૩)
(૧૧) તેજસ્વી,તેજ સંબંધી (૩)
(૧૨) વાદવિવાદ જામવો તે (૪)
(૧૪) ગુમાની,તોરી (૪)
(૧૭) બડાઈ (૪)
(૧૯) ધાતુ વગેરે મારવી તે (૪)
(૨૨) શેતરંજનું એક મહોરું (૩)
(૨૪) નઠારાલેખ,દુર્ભાગ્ય (અ) (૨)
(૨૫) મનને ખુશ કરનાર દવા (૩)
(૨૭) હળના દાંડાને ઘૂંસરૂં બાંધવા મારેલો ખીલો (૩)
(૨૮) જોસથી મારેલી ફુંક (૪)

**ઉભી ચાવી :**
(૧) .....ના ફળ મીઠા (૩)
(૨) રઘુપતિ રાઘવ રાજારામ, .... પાવન સીતારામ (૩)
(૩) અદબ,સભ્યતા (૪)
(૪) ટેવ,વ્યસન (૨)
(૫) જાગ્રત,ઉત્સાહયુકત (૩)
(૮) એક અભિનેત્રીઃ શ્રુતિ ...... (૩)
(૧૦) ધનુષય દોરી (૩)
(૧૧) તેલવાળું,તેલિયું (૨)
(૧૨) કેશ (૨)
(૧૩) થંભી ગયેલું, રોકાયેલું (૩)
(૧૪) મગ જેવડા સોનાના મણકાની માળા (૪)
(૧૫) કમળ (૩)
(૧૬) આગ્રહભરી વિનંતી, કાલાવાલા (૩)
(૧૮) ફરીયાદ,ચાડી (૨)
(૨૦) અંજામ,પરિણામ (૩)
(૨૧) દેવપૂજાનું પાણી (અ) (૩)
(૨૩) ખોટી આદત (૩)
(૨૬) નાઠેલું,પલાયન કરી ગયેલું (૨)

## શબ્દ સંજોગ-૨૨૧૮ જવાબ

**આડી ચાવી** : (૧) પતીજ (૩) મહીસાગર (૭) રાતમ (૯) ચોપાઈ (૧૦) સંવત (૧૧) ટોસ (૧૨) અધર (૧૩) તાગ (૧૫) તાણ (૧૬) કબૂલી (૧૮) વિસા (૧૯) પ્રભાત (૨૦) સાગ (૨૧) તરકસ (૨૩) વટાવ (૨૪) લારણી (૨૫) ખગ (૨૬) ઘડપણ (૨૭) દવાત .
**ઉભી ચાવી** : (૧) પદર (૨) જરાસંધ (૩) મમત (૪) સાચો (૫) ગપાટો (૬) રઈસ (૮) તવર (૧૨) અણસાર (૧૩) તાબૂત (૧૪) ગલી (૧૫) તાવિત (૧૬) કભા (૧૭) લાગવગ (૧૯) પ્રસરણ (૨૦) સાટાખત (૨૨) કલાપ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા શ્વાનોને લાડવા ખવડાવવાનો સેવા કાર્યક્રમ



ચલાલા ,તા.૨૨

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા શ્વાનોને લાડવા ખવડાવવાનો સેવા કાર્યક્રમ યોજાયો હતો. ગાયત્રી સંસ્કાર ધામના શિલ્પી પ.પૂ. સંતશ્રી ડૉ. રતિદાદાના આશીર્વાદ અને ભારતભૂષણ મહેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ ગાયત્રી પરિવારના કાર્યકરોએ ચલાલાના વિવિધ વિસ્તારોમાં ફરીને શ્વાનોને પ્રેમપૂર્વક લાડવા ખવડાવ્યા હતા. સારા વરસાદ, સુખ-સમૃદ્ધિ અને સર્વજન હિતની પ્રાર્થના સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં જીવમાત્ર પ્રત્યે દયા, કરુણા અને સંવેદનાની ભાવના જાળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા સમાજમાં સેવા, સંસ્કાર અને માનવતાના મૂલ્યોના સિંચન માટે નિયમિતપણે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

# સુરતમાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે અનોખું જળ યોગ પ્રદર્શન



સુરત,તા.૨૨

વિશ્વ યોગ દિવસના અવસરે સુરતના જાણીતા તરણવીર, જીવનરક્ષક અને ડિઝાસ્ટર ટ્રેનર પ્રકાશ વેકરીયા દ્વારા નાના વરાછાસ્થિત તરણકુંડમાં અને કોજવે સુરતમાં અનોખું જળ યોગ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. સમગ્ર વિશ્વ જ્યાં જમીન પર યોગાસનો કરી રહ્યું હતું, ત્યાં પ્રકાશ વેકરીયાએ તેમના ગ્રુપ સાથે ઊંડા પાણીમાં વિવિધ યોગાસનો કરીને પોતાની આગવી પ્રતિભા, સાહસિકતા અને યોગ પ્રત્યેની સમર્પિત ભાવના રજૂ કરી હતી. કાર્યક્રમ દરમિયાન તેમણે શવાસન, ચક્રાસન, પદ્માસન, વિહંગાસન, પતંગાસન, પદ-શીર્ષાસન, શીર્ષાસન, તિરંગાસન, પર્વતાસન સહિત કુલ ૧૨ જેટલા યોગાસનો પાણીમાં સફળતાપૂર્વક રજૂ કર્યા હતા. ઉપસ્થિત નાગરિકો, યોગપ્રેમીઓ અને અધિકારીઓએ આ અનોખી રજૂઆતને વધાવી હતી. તેઓ નદી, તળાવ અને સ્વિમિંગ પૂલ સહિત ૩૦ થી ૫૦ ફૂટ જેટલા ઊંડા પાણીમાં પણ યોગાસનો કરવાની વિશેષ ક્ષમતા ધરાવે છે. તેઓ છેલ્લા બે દાયકાથી સ્વિમિંગ, જીવનરક્ષા, આપદા વ્યવસ્થાપન અને સામાજિક જાગૃતિ ક્ષેત્રે સક્રિય સેવાઓ આપી રહ્યા છે. કુશળ જીવનરક્ષક તરીકે તેમણે તાપી નદીમાંથી અનેક લોકોના જીવ બચાવ્યા છે. તેમના આ ઉત્કૃષ્ટ યોગદાન બદલ વર્ષ ૨૦૨૦માં તેમને રાષ્ટ્રપતિ દ્વારા "જીવન રક્ષા એવોર્ડ'' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રકાશ વેકરીયા યુનિવર્સલ ફાઉન્ડેશનના સ્થાપક છે તેમજ નાગરિક સંરક્ષણ (સિવિલ ડિફેન્સ), સુરતના અમરોલી ઝોનમાં ડિવિઝનલ વોર્ડન તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ NDRFની વર્ષ ૨૦૨૫ની બેચમાં ટ્રેનર તરીકે તાલીમબધ્ધ થયા છે અને હાલમાં આપદા વ્યવસ્થાપન, ફાયર સેફ્ટી, બિલ્ડિંગ સેફ્ટી, રેસ્ક્યૂ ઓપરેશન તથા નાગરિક સુરક્ષા સંબંધિત વિષયો પર વ્યાપક તાલીમ આપી રહ્યા છે.

# ગોંડલમાં વાડીમાંથી પરપ્રાંતીય મહિલાનો શંકાસ્પદ મૃતદેહ મળ્યો : પતિ પર શંકા



ગોંડલ,તા.૨૨

ગોંડલના વોરાકોટડા રોડ પરના હનુમાન ધાર પાછળની એક વાડીમાંથી પરપ્રાંતીય મહિલાનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં ચારિત્ર્યની શંકા અને આડા સંબંધના કારણે પતિએ જ પત્નીને મોતને ઘાટ ઉતારી હોવાનું સામે આવ્યું છે. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી પતિની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મૂળ મધ્યપ્રદેશનો એક પરપ્રાંતીય પરિવાર છેલ્લા ૮ દિવસથી ધીરુભાઈ રૈયાણીની વાડીએ મજૂરી કામ માટે આવ્યો હતો અને ત્યાં જ આવેલી ઓરડીમાં રહેતો હતો. મૃતક મહિલાનો પતિ ધીરુભાઈના નાના ભાઈ મનસુખભાઈની વાડીમાં પણ મજૂરી કામ કરતો હતો અને રાત્રે ત્યાં જ સૂઈ જતો હતો. ગત રાત્રે ધીરુભાઈની વાડીમાં આવેલી ઓરડીમાં પતિ-પત્ની વચ્ચે કોઈ બાબતે ઉગ્ર માથાકૂટ થઈ હતી. ઝઘડો વધતા ડરી ગયેલી મહિલા ગુંદલીબેન સોલંકીએ ઓરડીનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. જોકે, ગુસ્સામાં આવેલા પતિએ ઓરડીનો દરવાજો તોડી નાખ્યો હતો. જીવ બચાવવા માટે ગુંદલીબેન ઓરડીની બહાર ભાગ્યા હતા અને બાજુમાં જ આવેલી મનસુખભાઈની વાડી તરફ દોડ્યા હતા. પરંતુ ત્યાર બાદ સવારે મનસુખભાઈની વાડીમાંથી ગુંદલીબેનનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ ગોંડલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. જી.એસ. ગઢવી સહિતનો પોલીસ સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહને ફોરેન્સિક પી.એમ માટે રાજકોટ હોસ્પિટલ ખસેડીને મહિલાની હત્યા થઈ છે કે અન્ય કોઈ કારણોસર મોત નીપજ્યું છે તે દિશામાં તપાસ શરૂ કરી હતી.

# અમરેલીમાં ક્રીએટિવ યોગા ગ્રુપ દ્વારા ઈન્ટરનેશનલ યોગા ડેની ઉજવણી કરાઈ



અમરેલી,તા.૨૨

સમર્થ વ્યાયામ મંદિરમાં ક્રિએટિવ યોગા ગ્રુપની બહેનો દ્વારા ૨૧ જૂનના રોજ ઈન્ટરનેશનલ યોગા ડેની વિશિષ્ઠ ઉજવણી કરાઈ હતી. ઘણા વર્ષથી સમર્થ વ્યાયામ મંદિર (અખાડા)માં બહેનોના યોગા વર્ગ ચાલી રહ્યા છે. જેમાં પરંપરા અનુસાર આ વર્ષે પણ વિશ્વ યોગા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અન્વયે વિવિધ યોગા આસનોની કવીઝ, યોગાસનની ગેઈમ તથા તેના લાભની પ્રાયોગિક રીતે સમજણ આપવામાં આવી હતી. આ ઉજવણીમાં બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. આ યોગા વર્ગમાં પારૂલબેન ગાંધી, મમતાબેન મહેતા, સંગીતાબેન જીવાણી તથા માધવીબેન ભટ્ટ સેવા આપી રહ્યા છે. વ્યાયામ મંદિરમાં સાંજે ૪ થી ૬ નિઃશુલ્ક યોગા પ્રશિક્ષણ નિયમિત રીતે આપવામાં આવે છે.

# ઉર્જામંત્રી કૌશિક વેકરીયાના હસ્તે માર્ગ-મકાન વિભાગની કચેરીનું ખાતમુહૂર્ત



અમરેલી,તા.૨૨

અમરેલીના ઐતિહાસિક રાજમહેલ કમ્પાઉન્ડ ખાતે માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)ની નવી અદ્યતન કચેરીના બાંધકામનું ખાતમુહૂર્ત ગુજરાત રાજ્યના ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે સંપન્ન થયું હતું. અંદાજે રૂ. ૮ કરોડના ખર્ચે નિર્માણ પામનાર આ આધુનિક ભવન તમામ આધુનિક સુવિધાઓ અને માપદંડોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવશે.આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે નવા ભવનના નિર્માણથી જિલ્લામાં સરકારી સેવાઓની કાર્યક્ષમતા અને ગુણવત્તામાં વધારો થશે. નાગરિકોને સરકારી કામકાજ માટે વધુ સુવિધાજનક, પર્યાવરણલક્ષી અભિગમ સાથે તૈયાર થનારા આ ભવનમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, હાઈ-ટેક ફાયર સેફ્ટી સિસ્ટમ તથા ૨૪ કલાક પાણી પુરવઠા માટે અંડરગ્રાઉન્ડ સ્ટોરેજ પંપની સુવિધા ઉપલબ્ધ કરાશે. ઉપરાંત મુલાકાતીઓ અને કર્મચારીઓ માટે વિશાળ પાર્કિંગ વિસ્તાર, સમગ્ર સંકુલમાં સી.સી. રોડનું નેટવર્ક તેમજ સુરક્ષા માટે મજબૂત બાઉન્ડ્રી વોલનું નિર્માણ કરવામાં આવશે.

# ઉના-ગીરગઢડા રોડ પર ટ્રકની ટક્કરે બાઈકસવારનું કરૂણ મોત



ગીર ગઢડા,તા.૨૨

ઉના-ગીરગઢડા રોડ પર રાત્રિના સમયે સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં ઉનાના ૪૭ વર્ષીય મોહનભાઈ ભગવાનભાઈ સોલંકીનું મોત થયું છે. મળતી માહિતી મુજબ, મોહનભાઈ તેમના મિત્ર દુર્ગેશ રાણા સાથે ગીરગઢડાથી બાઈક પર ઉના તરફ આવી રહ્યા હતા. શહેરથી અંદાજે બે કિલોમીટર દૂર પહોંચતા પાછળથી પૂરપાટ ઝડપે આવેલા GJ-14-Z-8152 નંબરના ટ્રકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં બંને મિત્રો રોડ પર ફંગોળાઈ ગયા હતા, જ્યારે મોહનભાઈ ટ્રકના ટાયર નીચે આવી જતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માત બાદ ટ્રકચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે ટ્રક કબજે કરી આસપાસના CCTV ફૂટેજના આધારે આરોપી ચાલકને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

# જુનાગઢ કલેક્ટર કચેરી ખાતે મંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ




જૂનાગઢ,તા.૨૨

જૂનાગઢ કલેક્ટર કચેરી ખાતે મંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. જિલ્લા અને મહાનગરના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી પ્રી-મોન્સૂન કામગીરી તથા વિવિધ વિકાસલક્ષી કાર્યોની પ્રગતિ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠક દરમિયાન વરસાદી મોસમને ધ્યાનમાં રાખી જરૂરી પૂર્વ તૈયારીઓ, નાગરિક સુવિધાઓ, સફાઈ વ્યવસ્થા, પાણી નિકાલની કામગીરી તેમજ જનહિતના વિવિધ વિકાસ પ્રકલ્પોની સમીક્ષા કરવામાં આવી હતી. વિકાસ કાર્યો સમયબધ્ધ અને ગુણવત્તાસભર રીતે પૂર્ણ થાય તેમજ નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ બને તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# અમરેલીમાં હનુમાનજી મહારાજની ડેરીઓમાં સ્વચ્છતા કાર્ય કરાયુ



અમરેલી,તા.૨૨

અમરેલી વિસ્તારમાં શ્રી રામ ધુન મંડળ દ્વારા હનુમાનજી મહારાજની નાની-નાની ડેરીઓમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. સેવાભાવી કાર્યકરોએ ડેરીઓની સફાઈ કરી, સિંદૂર અર્પણ કર્યું, ધજા ચડાવી તેમજ દીવા અને અગરબત્તી પ્રગટાવી પૂજન કર્યું. દાદાને પ્રસાદ અર્પણ કરીને હનુમાન ચાલીસાના પાઠ સાથે આઠ ડેરીઓમાં સેવા કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું. આગામી દિવસોમાં વધુ અપુજ ડેરીઓમાં પણ આવી સેવાકીય પ્રવૃત્તિ ચાલુ રહેશે. આ કાર્યમાં જીજ્ઞેશ જોષી, શરદ દેવમુરારી, વિવેક ત્રિવેદી,જયદીપ માધવાણી, આશિષ મકવાણા, નયન પાથર સહિતના હાજર રહ્યાં હતા.

# કોડીનારમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



કોડીનાર,તા.૨૨

કોડીનાર સ્થિત સોમનાથ સાયન્સ એકેડેમી ખાતે ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ યોગ પ્રત્યેની જાગૃતિ અને પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ, DLSS સ્કૂલ, સોમનાથ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ તેમજ સોમનાથ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ યોગાસન અને પ્રાણાયામમાં સક્રિય ભાગ લીધો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ યોગના આરોગ્યલક્ષી લાભો અને જીવનમાં તેના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓની ઉત્સાહપૂર્ણ હાજરીને કારણે સમગ્ર કાર્યક્રમ સફળ અને પ્રેરણાદાયી રહ્યો હતો.

-:: જાહેર નોટીસ ::-

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.179/2026
જન્મ તારીખ : 15/04/2002

શ્રી સોલંકી કિશનભાઈ ભનુભાઈ,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલિકા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી સોલંકી કિશનભાઈ ભનુભાઈ, રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી કિશનભાઈ ભનુભાઈ સોલંકી તથા કવિબેન કિશનભાઈ સોલંકી ના પુત્રી સોલંકી કિરણ કિશનભાઈનો જન્મ તારીખ.15/04/2002 ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૫/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# અમરેલી જિલ્લામાં આજથી ૨૫ જૂન સુધી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ

**મંત્રી કૌશિકભાઈ વેકરીયા સહિત આગેવાનો વિવિધ ગામોમાં વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવશે**

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં આગામી તા. ૨૩, ૨૪ અને ૨૫ જૂન દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ઊર્જા અને કાયદા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ, જિલ્લા પંચાયતના પ્રમુખ, ધારાસભ્યો તેમજ રાજ્ય સરકારના પ્રતિનિધિઓ વિવિધ ગામોની શાળાઓમાં હાજરી આપી વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવશે.તા. ૨૩ જૂનના રોજ મંત્રીકૌશિકભાઈ વેકરીયા અમરેલી તાલુકાના વાંકિયા, ગાવડકા અને કમીગઢ ગામોની શાળાઓમાં પ્રવેશોત્સવમાં ભાગ લેશે. જિલ્લા પ્રભારી સચિવ સંદીપ કુમાર રાંઢીયા, રીકડિયા અને નાના આંકડિયા ગામોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવશે. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજા સહિત વહીવટી તંત્રના અધિકારીઓ પણ વિવિધ વિસ્તારોમાં કાર્યક્રમોમાં જોડાશે. જિલ્લામાં આ વર્ષે બાલવાટિકામાં ૧૦,૯૭૯, ધોરણ-૧માં ૧૨,૬૪૬, બાલવાટિકા સિવાયના ૪૧૨, ધોરણ-૬માં ૨૨,૦૮૮, ધોરણ-૯માં ૨૦,૮૭૬ અને ધોરણ-૧૧માં ૧૬,૦૦૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

:: જાહેર નોટીસ ::

આથી અમો શ્રી મનસુખભાઈ હંસરાજભાઈ સોરઠીયા, ધંધો ખેતીકામ, રહે.રાજકોટ, ઠે.મયુર, રણછોડનગર, ૨૩/૨૬, કોર્નર પેડર રોડ, બોડીપરા, રાજકોટ, વાળાએ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે, અમોએ અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના દુધાળા લાઠી ગામે આવેલ ખેતીની જમીન ખાતા નં.૫૯ ના સીમ જમીન રે.સ.નં.૯૯ પૈકી ૨, હે.આરે. ૧-૭૭-૦૫, જેના હાલના માલીક ખોડાભાઈ ધરમશીભાઈ કિકાણીની પાસેથી વેચાણ રાખવાનુ નકકી કરેલ છે. અને આ બાબતનો લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં અમો ખરીદનારની તરફેણનો વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં નોંધાવવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરી જણાવીએ છીએ કે સદરહુ જમીનના હાલના માલીક ખોડાભાઈ ધરમશીભાઈ કિકાણી દ્વારા અમોને તેઓએ સદરહુ જમીન સંપૂર્ણ ચોખ્ખા ટાઈટલ કલીયર હોવાનુ જણાવે છે, આમ છતા ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધીકારના હકકો, પરત્વે કોઈ વ્યકિત, સખ્શ, સંસ્થા પેઢી કંપની, એસોસીએશન, બેન્ક, નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મોં બદલાના કરાર, કે પૈસાની લેતી-દેતી અંગેનો કરાર કે અન્ય સદરહુ જમીન સંબંધિત તમામ કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલકત પરત્વેના ભરણ પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૧૦ મા દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામા ઉપર રજીસ્ટર એ.ડી. પોસ્ટ મારફત અમો નોટીસ પ્રસિધ્ધ કરનારને જાણ કરવી તે સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહી આવે તો આ મિલકત સંપૂર્ણ ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેવુ સમજીને અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા નથી અને આવેલા હોય તો તેઓએ જતા કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપુર્ણ સહમતી છે, અને તે પછી ભવિષ્યે પણ આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર રજુ કરશે અથવા ઉભા કરશે તો તેવા વાંધાઓ, તકરાર અમો ખરીદનારને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરી જણાવીએ છીએ.

પત્ર વ્યવહારનું સરનામુ
C/o સોહીલ મહેબુબભાઈ ખોખર
ADVOCATE (B.COM LLB)
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
મુ.લાઠી, ઠે.મામલતદાર ઓફીસ સામે,
તા.લાઠી, જી.અમરેલી.

નોટીસ પ્રસિધ્ધ કરનાર
સહી
(મનસુખભાઈ હંસરાજભાઈ સોરઠીયા)

# ગાઝા યુધ્ધને લઈ ઈઝરાયેલ પીએમ નેતન્યાહૂની આંતરરાષ્ટ્રીય સ્તરે ટીકા



નવીદિલ્હી,તા.૨૨

ગાઝા યુધ્ધ અને મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે ભારત અને ઈઝરાયલના સંબંધો ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સામે આંતરરાષ્ટ્રીય સ્તરે ટીકા અને બહિષ્કારની માંગ ઉઠી રહી છે, ત્યારે ભારતની નીતિ અંગે પણ વિવિધ મંતવ્યો સામે આવી રહ્યા છે. કેટલાક આંતરરાષ્ટ્રીય વિશ્લેષકોનું માનવું છે કે ભારતે ઈઝરાયલ સાથેના વ્યૂહાત્મક સંબંધો જાળવતાં મધ્ય પૂર્વના અન્ય દેશો સાથેનું સંતુલન પણ જાળવવું જોઈએ. અહેવાલો અનુસાર ભારત અને ઈઝરાયલ વચ્ચે સુરક્ષા, ટેકનોલોજી અને રક્ષણ ક્ષેત્રે સહકાર સતત મજબૂત બન્યો છે. બીજી તરફ, ઊર્જા સુરક્ષા અને ખાડી દેશો સાથેના સંબંધોને ધ્યાનમાં રાખીને ભારતે સંતુલિત વિદેશ નીતિ અપનાવવાની જરૂર હોવાનું પણ કેટલાક નિષ્ણાતો માની રહ્યા છે. મધ્ય પૂર્વની બદલાતી ભૂરાજકીય પરિસ્થિતિમાં ભારતના વ્યૂહાત્મક હિતો અને કૂટનીતિક સંતુલન પર વિશેષ ધ્યાન કેન્દ્રિત થઈ રહ્યું છે. અમેરિકા અને યુરોપમાં પણ ઈઝરાયલનો વિરોધ વધી રહ્યો છે, જે ભારત માટે તણાવ વધારી શકે છે. સ્પેન ખુલ્લેઆમ ઈઝરાયલનો વિરોધ કરી રહ્યું છે.

# યુપીના ગોરખપુરમાં ૧૬ વર્ષીય સગીરે ભાઈ, ભાભી અને ૩ વર્ષના ભત્રીજાની હત્યા કરી



ગોરખપુર,તા.૨૨

ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના બાસગાંવ વિસ્તારમાં સંબંધોને કલંકિત કરતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. ૧૬ વર્ષીય સગીર પર પોતાના મોટા ભાઈ, ભાભી અને ત્રણ વર્ષના ભત્રીજાની હત્યા કરવાનો આરોપ છે. ઘટનાથી સમગ્ર વિસ્તારમાં હડકંપ મચી ગયો છે.

પ્રાથમિક માહિતી મુજબ પરિવારના આંતરિક વિવાદથી નારાજ સગીરે મોડી રાત્રે ધારદાર હથિયાર વડે હુમલો કર્યો હતો. હુમલામાં અમિત ગુપ્તા, તેમની પત્ની રંજના ગુપ્તા અને ત્રણ વર્ષીય પુત્ર શ્રેયાંશ ગુપ્તાનું મોત થયું હતું. ઘટનાની જાણ થતાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી.

આરોપી ઘટનાના બાદ ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ પોલીસે ઘેરાબંધી કરીને તેની અટકાયત કરી હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે. આરોપી સગીર હોવાથી તેની સામે જુવેનાઈલ જસ્ટિસ અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસે ઘટનાના ચોક્કસ કારણોની તપાસ શરૂ કરી છે.

# રામ મંદિર પ્રસાદ અને દાનના વિવાદ મામલે અલ્હાબાદ હાઈકોર્ટનો તાત્કાલિક સુનાવણીનો ઈનકાર

લખનૌ,તા.૨૨

અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે અયોધ્યાના રામ મંદિરમાં પ્રસાદ અને દાનના સંચાલનમાં કથિત અનિયમિતતાઓની તપાસની માંગ કરતી અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે. જસ્ટિસ પંકજ ભાટિયા અને જસ્ટિસ અમિતાભ કુમાર રાયની વેકેશન બેન્ચે જણાવ્યું કે આ મામલે કોઈ તાકીદની જરૂરિયાત જણાતી નથી, કારણ કે રાજ્ય સરકાર પહેલેથી જ મુદ્દાની નોંધ લઈ ચૂકી છે. અરજદાર મોહિત અશોકે મંદિરને મળતા દાનના કથિત દુરુપયોગની સ્વતંત્ર તપાસ તથા નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) દ્વારા ઓડિટ કરાવવાની માંગ કરી છે. આ દરમિયાન ઉત્તર પ્રદેશ સરકારે મંદિર ટ્રસ્ટની વિનંતી પર વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે. તપાસ દરમિયાન ડિજિટલ પુરાવા એકત્ર કરવામાં પડકારો સામે આવી રહ્યા છે, કારણ કે સીસીટીવી ફૂટેજ માત્ર ૪૫ દિવસ સુધી જ સંગ્રહિત રહે છે.

# બંગાળમાં મહિલાઓને મફત બસ મુસાફરી, કર્મચારીઓને ૨૦% DA વધારો અને ૧ લાખ નવી નોકરીઓની જાહેરાત



કોલકતા.૨૨

પશ્ચિમ બંગાળ સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૬ માટેનું બજેટ રજૂ કરતાં કર્મચારીઓ, મહિલાઓ, યુવાનો અને સામાન્ય જનતા માટે અનેક મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. બજેટમાં મહિલાઓ માટે અન્નપૂર્ણા ભંડાર યોજના હેઠળ ૩૬,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જ્યારે સરકારી બસોમાં મહિલાઓને મફત મુસાફરીની સુવિધા આપવા માટે વિશેષ 'પિંક કાર્ડ' યોજના જાહેર કરવામાં આવી છે. સરકારી કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું (DA) ૧૮ ટકાથી વધારીને ૩૮ ટકા કરવામાં આવ્યું છે. રોજગારીને પ્રોત્સાહન આપવા રાજ્યમાં ૧ લાખ નવી ભરતીની જાહેરાત કરવામાં આવી છે, જેમાં ૩૩ ટકા જગ્યાઓ મહિલાઓ માટે અનામત રહેશે. ઉપરાંત ૫૦ હજાર શિક્ષકો અને ૨૦ હજાર પોલીસ કર્મચારીઓની ભરતીનો પ્રસ્તાવ પણ રજૂ થયો છે. બજેટમાં નવું એરપોર્ટ, ઊંડા સમુદ્રી બંદર, રમતગમત યુનિવર્સિટી, કેન્સર હોસ્પિટલ તેમજ AI આધારિત પેપરલેસ શાસન જેવી વિકાસલક્ષી યોજનાઓને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે.


# પીએફ ઉપાડવું હવે એટીએમમાંથી પૈસા ઉપાડવા જેટલું જ સરળ બનશે

નવીદિલ્હી,તા.૨૨

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) ટૂંક સમયમાં EPFO ૩.૦ પ્લેટફોર્મ લોન્ચ કરવાની તૈયારીમાં છે, જેના કારણે પીએફ ઉપાડવાની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનશે. નવી વ્યવસ્થા હેઠળ સભ્યો UPI આધારિત સિસ્ટમ દ્વારા તેમના પીએફ ખાતામાંથી સીધા બેંક ખાતામાં રકમ ટ્રાન્સફર કરી શકશે.

હાલની પ્રક્રિયામાં ક્લેમ, ફોર્મ-૩૧, KYC ચકાસણી અને કેટલીકવાર નોકરીદાતાની મંજૂરી જેવી પ્રક્રિયાઓને કારણે ૭થી ૧૦ દિવસનો સમય લાગે છે. EPFO 3.0માં મોટાભાગની પ્રક્રિયા પેપરલેસ રહેશે અને ઉપાડ માટે ઓછા દસ્તાવેજોની જરૂર પડશે. ઉપરાંત, સ્વતઃ મંજૂરીની મર્યાદા ૧ લાખથી વધારીને ૫ લાખ રૂપિયા કરવામાં આવશે. આ સુવિધાથી તબીબી જરૂરિયાત, શિક્ષણ, ઘર ખરીદી અથવા અન્ય કટોકટીના સમયે કર્મચારીઓને ઝડપથી નાણાં ઉપલબ્ધ થઈ શકશે.

# મુંબઈ-વડોદરા હાઈવે પર કારનો ગમખ્વાર અકસ્માત : યુવક-યુવતીના મોત, એક ગંભીર



મુંબઈ,તા.૨૨

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના બદલાપુર નજીક મુંબઈ-વડોદરા હાઈવે પર બીએમડબ્લ્યુ કારનો ભયાનક અકસ્માત સર્જાતા બે યુવાનોના મોત થયા છે, જ્યારે કાર ચલાવતો યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. મૃતકોની ઓળખ ૨૬ વર્ષીય યોગેશ નેગી અને ૨૪ વર્ષીય રેબેકા જેકબ તરીકે થઈ છે. બંને મુંબઈના બાંદ્રા વિસ્તારના રહેવાસી હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે કાર સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી અને તેનું એન્જિન લગભગ ૩૦ મીટર દૂર જઈને પડ્યું હતું.

પ્રાથમિક તપાસ મુજબ, કોંક્રિટ બેરિકેડથી બચવાનો પ્રયાસ કરતી વખતે ડ્રાઈવરે કાર પરથી કાબૂ ગુમાવ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં કાર ખૂબ જ ઊંચી ઝડપે દોડતી હોવાનું જોવા મળ્યું છે, જેના આધારે પોલીસે ઓવરસ્પીડિંગ અને બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગની દિશામાં તપાસ શરૂ કરી છે. ઘાયલ અંગદની સારવાર હાલ હોસ્પિટલમાં ચાલી રહી છે.

# રેશન કાર્ડ ધારકો હવે દેશની કોઈપણ રેશન દુકાનેથી અનાજ મેળવી શકશે



નવીદિલ્હી,તા.૨૨

કેન્દ્ર સરકારે 'વન નેશન, વન રેશન કાર્ડ' યોજનાને વધુ અસરકારક બનાવતાં રેશન વિતરણ વ્યવસ્થામાં મહત્વપૂર્ણ સુવિધા શરૂ કરી છે. હવે રેશન કાર્ડ ધારકોને એક જ નિર્ધારિત દુકાન પર નિર્ભર રહેવાની જરૂર નહીં રહે. લાભાર્થીઓ પોતાની સુવિધા મુજબ કોઈપણ રેશન દુકાનેથી અનાજ મેળવી શકશે, તેમજ જરૂર મુજબ અલગ-અલગ દુકાનોથી ઘઉં અને ચોખા જેવા અનાજનો હિસ્સો પણ લઈ શકશે. આ વ્યવસ્થાથી લાંબી લાઈનો, બાયોમેટ્રિક સમસ્યાઓ અથવા ચોક્કસ દુકાનમાં અનાજ ઉપલબ્ધ ન હોવાની મુશ્કેલીઓમાં ઘટાડો થશે. સરકારના જણાવ્યા અનુસાર આ સુવિધા દેશભરમાં અમલમાં છે અને આધાર આધારિત બાયોમેટ્રિક ચકાસણી દ્વારા તેનો લાભ મેળવી શકાય છે. ખાસ કરીને પ્રવાસી મજૂરો અને તેમના પરિવારો માટે આ યોજના અત્યંત ઉપયોગી સાબિત થશે, કારણ કે તેઓ હવે પોતાના મૂળ ગામ કે રાજ્યની રેશન દુકાન પર નિર્ભર રહ્યા વગર દેશના કોઈપણ શહેર અથવા રાજ્યમાંથી પોતાના હકનું રેશન મેળવી શકશે.

# નબળા ચોમાસાને લઈ જુલાઈ-ઓગસ્ટમાં દૂધના ભાવ ૩થી ૪ ટકા વધવાની શક્યતા




નવીદિલ્હી,તા.૨૨

દેશમાં મોંઘવારીનો સામનો કરી રહેલા ગ્રાહકોને આગામી મહિનાઓમાં દૂધના ભાવવધારાનો વધુ એક ફટકો પડી શકે છે. ડેરી ઉદ્યોગના નિષ્ણાતોના મતે, અલ નીનો અને નબળા ચોમાસાની અસરને કારણે જુલાઈ-ઓગસ્ટ દરમિયાન દૂધના ભાવમાં ૩થી ૪ ટકાનો વધારો થઈ શકે છે. ઓછા વરસાદના કારણે લીલા ઘાસચારાના ઉત્પાદન અને પશુઓ માટે પાણીની ઉપલબ્ધતા પર અસર થવાની શક્યતા છે, જેના કારણે દૂધ ઉત્પાદન ઘટી શકે છે. ઘાસચારાના વધતા ખર્ચથી પશુપાલકો પર આર્થિક બોજ પણ વધી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે મુખ્ય દૂધ ઉત્પાદક રાજ્યોમાં વરસાદ ઓછો રહેશે તો દૂધ ઉપરાંત દહીં, ઘી, ચીઝ અને અન્ય ડેરી ઉત્પાદનોના ભાવમાં પણ વધારો થઈ શકે છે.

# ગોરખપુરમાં ૧૨ વર્ષના કિશોરે ૯ માસની બાળકી પર દુષ્કર્મ આચરતા ચકચાર

લખનૌ,તા.૨૨

ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લામાં માનવતાને ઝંઝોડીને મૂકે તેવી ઘટના સામે આવી છે. નવ મહિનાની બાળકી પર જાતીય હુમલો થયાની ફરિયાદ બાદ પોલીસે ૧૨ વર્ષીય સગા કિશોરને કસ્ટડીમાં લઈ તપાસ શરૂ કરી છે. પરિવારની ફરિયાદ મુજબ બાળકી રાત્રે અચાનક ગુમ થઈ ગઈ હતી અને બીજા દિવસે સવારે ઘરથી થોડે દૂર બેભાન હાલતમાં મળી આવી હતી. બાળકીને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તેની સારવાર ચાલી રહી છે અને હાલ તેની સ્થિતિ સ્થિર હોવાનું જણાવાયું છે. પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ, ઘટનાસ્થળના પુરાવા અને સંદિગ્ધોની પૂછપરછના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન કિશોર સગાની સંડોવણી સામે આવતાં તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.

# મહારાષ્ટ્ર વિધાન પરિષદ ચૂંટણીમાં મહાયુતિનો ભવ્ય વિજય



મુંબઈ,તા.૨૨

મહારાષ્ટ્ર વિધાન પરિષદની ૨૨ બેઠકોની ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધને શાનદાર પ્રદર્શન કરતા ૧૭ માંથી ૧૬ બેઠકો પર વિજય મેળવ્યો છે. આ ચૂંટણીમાં ૬ બેઠકો અગાઉ જ બિનહરીફ જાહેર થઈ ચૂકી હતી, જ્યારે બાકીની ૧૧ બેઠકો માટે ૧૮ જૂનના રોજ સરેરાશ ૯૯.૦૨% મતદાન થયું હતું. ભંડારા-ગોંદિયા બેઠક પર ૧૦૦% ટકા જેવું રેકોર્ડબ્રેક મતદાન નોંધાયું હતું.

ભાજપ અને એનસીપી (અજિત પવાર જૂથ) પોતાના ફાળે આવેલી તમામ બેઠકો જીતવામાં સફળ રહ્યા છે. જોકે, નાસિક બેઠક પર ભાજપના જ બળવાખોર નેતા ગોકુલ ગીતેએ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડીને શિંદે જૂથના શિવસેના ઉમેદવારને હરાવ્યા, જેના કારણે શિવસેનાએ એક બેઠક ગુમાવવી પડી. બીજી તરફ, નાગપુર બેઠક પર ભાજપના ડૉ. રાજીવ પોતદારે ૬૮૨ મત મેળવીને કોંગ્રેસના અતુલ લોંધે (૧૩૦ મત) સામે મોટો વિજય મેળવ્યો છે, જ્યાં કોંગ્રેસમાં આંતરિક ક્રોસ-વોટિંગ થયું હોવાનું સામે આવ્યું છે.

# કતારના બરજાન ગેસ સપ્લાયમાં વિસ્ફોટ : ૫૪ ઈજાગ્રસ્ત, ૧૮ લાપત્તા



નવી દિલ્હી,તા.૨૨

કતારના પ્રખ્યાત રસ લાફાન ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા બરજાન ગેસ સપ્લાય પ્લાન્ટમાં રવિવારે મોડી રાત્રે એક ભયાનક વિસ્ફોટ થયો હતો, જેના કારણે ત્યાં ભીષણ આગ લાગી ગઈ હતી. આ ગંભીર અકસ્માતમાં આશરે ૫૪ કર્મચારીઓ ઘાયલ થયા છે, જ્યારે અન્ય ૧૮ કર્મચારીઓ હજી પણ ગુમ છે. આ અકસ્માતને કારણે વૈશ્વિક ઊર્જા બજારમાં મોટો આંચકો લાગવાની આશંકા સેવાઈ રહી છે. વાસ્તવમાં આ અકસ્માત ત્યારે થયો જ્યારે કર્મચારીઓ ગેસ ટર્મિનલ ફરીથી શરૂ કરી રહ્યા હતા. ઈરાને કરેલા બોમ્બમારા અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ કરી દેવાને કારણે કતાર બહારના દેશોને ગેસ મોકલી શકતું ન હતું, જેથી કતારે ગેસનું ઉત્પાદન બંધ કરવું પડ્યું હતું. જોકે, યુધ્ધનો કાયમી અંત લાવવા માટે ચાલી રહેલી શાંતિ મંત્રણા વચ્ચે ઈરાને આ દરિયાઈ માર્ગ પરથી પોતાનો પ્રતિબંધ હળવો કર્યો હતો. આ તકનો લાભ લઈને કતારે પોતાનું નિકાસ ટર્મિનલ ફરી ચાલુ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે જ સમયે આ ભયાનક બ્લાસ્ટ થઈ ગયો. કતારના આ મુખ્ય નિકાસ કેન્દ્રમાં થયેલા અકસ્માતના કારણે વૈશ્વિક ઊર્જા બજારમાં ભારે ઉથલપાથલ મચી શકે છે. 'કતાર એનર્જી'એ પુષ્ટિ કરી છે કે રવિવારે રાત્રે પ્લાન્ટ શરૂ કરતી વખતે થયેલા વિસ્ફોટ અને આગના કારણે ૫૪ લોકો ઈજાગ્રસ્ત થયા છે અને ૧૮ લોકો હજી પણ લાપતા છે.

# ટ્રમ્પની ઈરાનને ફરી કડક ચેતવણી: 'જરૂર પડશે તો ફરી હુમલો કરીશું'



વોશિગ્ટન, તા.૨૨

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને કડક ચેતવણી આપતાં કહ્યું છે કે જો તેહરાન તેના સમર્થિત જૂથોની પ્રવૃત્તિઓ પર નિયંત્રણ નહીં કરે તો અમેરિકા ફરીથી સૈન્ય કાર્યવાહી કરી શકે છે.

ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને લેબનોનમાં અસ્થિરતા ફેલાવતી પ્રવૃત્તિઓ રોકવા ઈરાનને અપીલ કરી હતી. તેમણે હોર્મુઝ જળમાર્ગને અવરોધિત કરવાના કોઈપણ પ્રયાસ સામે પણ કડક વલણ દર્શાવ્યું હતું. બીજી તરફ, ઈરાને ઈઝરાયલ અને લેબનોન વચ્ચેના સંઘર્ષ તેમજ અમેરિકાની નીતિઓ અંગે વાંધો ઉઠાવ્યો છે.

આ દરમિયાન સ્વિટ્ઝર્લેન્ડમાં અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાટાઘાટો યોજાઈ હતી, જેમાં બંને દેશોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. યુએસ ઉપપ્રમુખ જે.ડી. વાન્સે ઈરાન સાથે સંબંધોમાં ''નવી શરૂઆત''ની શક્યતા વ્યક્ત કરી હતી.

જોકે, તાજેતરના નિવેદનોને કારણે મધ્ય પૂર્વમાં તણાવ વધુ વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# પૂર્વ અગ્નિવીરોને રાજ્ય ભરતીમાં ૨૦ ટકા અનામત : સરકારની જાહેરાત


ગાંધીનગર, તા. ૨૨



ગુજરાત સરકાર દ્વારા પૂર્વ અગ્નિવીરોના ભવિષ્યને વધુ સુરક્ષિત અને રોજગારલક્ષી બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેરાત કરી છે કે રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતીમાં પૂર્વ અગ્નિવીરોને ૨૦ ટકા અનામતનો લાભ આપવામાં આવશે. આ સાથે ભરતી પ્રક્રિયામાં શારીરિક ક્ષમતા કસોટીમાંથી મુક્તિ તેમજ ઉપલી વયમર્યાદામાં વિશેષ છૂટછાટ પણ આપવામાં આવશે. આ નિર્ણય અંતર્ગત રાજ્ય પોલીસ દળના હથિયારી વિભાગ, એસઆરપી, જેલ વિભાગ તથા વન અને પર્યાવરણ વિભાગની વિવિધ જગ્યાઓની ભરતીમાં પૂર્વ અગ્નિવીરોને સીધો લાભ મળશે. ભરતી માટે નિર્ધારિત ઉપલી વયમર્યાદામાં ત્રણ વર્ષની છૂટ આપવામાં આવશે, જ્યારે અગ્નિવીર યોજનાની પ્રથમ બેચના ઉમેદવારોને પાંચ વર્ષની રાહત મળશે. હથિયારી પોલીસ સબ-ઈન્સ્પેક્ટર, પોલીસ કોન્સ્ટેબલ, પ્લાટૂન કમાન્ડર, જેલર, જેલ સિપાઈ, વનરક્ષક અને વનપાલ જેવી જગ્યાઓ માટે આ જોગવાઈ લાગુ પડશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી પૂર્વ અગ્નિવીરોને નવી રોજગારીની તકો મળશે અને તેમની તાલીમ તથા અનુભવનો લાભ રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને પણ મળશે.

# ખાંભા ગીર પંથકમાં વરસાદી ઝાપટાંથી ગરમીમાંથી રાહત, ખેડૂતોને આશા

અમરેલી,તા.૨૨



અમરેલી જિલ્લાના ખાંભા ગીર પંથકમાં આજે વાતાવરણમાં અચાનક પલટો આવતા ખાંભા શહેર સહિત આસપાસના વિસ્તારોમાં વરસાદી ઝાપટાં વરસ્યા હતા. લાંબા સમયથી અનુભવાતી અસહ્ય ગરમી વચ્ચે પડેલા આ વરસાદે લોકોને મોટી રાહત આપી હતી. વરસાદના આગમન સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોમાં આનંદની લાગણી જોવા મળી હતી. ખાંભા ઉપરાંત દાઢીયાળી, દીવાના અને સરાકડીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ નોંધાયો હતો. વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતાં અને ધરતીની તરસ થોડાક અંશે છીપાઈ હતી. છેલ્લા કેટલાક દિવસોથી ઊંચા તાપમાન અને ઉકળાટથી પરેશાન બનેલા લોકો માટે આ વરસાદ રાહતરૂપ સાબિત થયો છે.વરસાદ પડતાં ખેડૂતોમાં પણ નવી આશા જાગી છે. ચોમાસાની શરૂઆતમાં થયેલા આ વરસાદને કારણે ખેતીકારોમાં વાવણીલાયક વરસાદની અપેક્ષા વધુ મજબૂત બની છે. જો આગામી દિવસોમાં પણ સારો વરસાદ ચાલુ રહે તો ખેતીકારોને વાવણી કાર્ય શરૂ કરવામાં અનુકૂળતા મળશે અને કૃષિ ક્ષેત્રને લાભ થશે.






# વરસાદ ખેંચાતા સૌરાષ્ટ્રના અનેક ડેમમાં પાણીનો જથ્થો પૂર્ણ થવાની તૈયારી

રાજકોટ, તા.૨૨



રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે વરસાદની નોંધપાત્ર ખાધ જોવા મળી રહી છે. ગયા વર્ષે ૨૧ જૂન પહેલાં જ સારો વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

જમીનમાં ભેજ જળવાઈ રહ્યો હતો અને વિવિધ જળાશયોમાં નવા નીરની આવક પણ થઈ ચૂકી હતી. જોકે, આ વર્ષે વરસાદ ખેંચાતા પીવાના પાણીની માંગમાં વધારો નોંધાઈ રહ્યો છે. હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે સૌની યોજના અંતર્ગત લિંક-૨, લિંક-૩ અને લિંક-૪ મારફતે નર્મદાનું પાણી છોડીને સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરિયાત પૂરી પાડવાનો નિર્ણય કર્યો છે. સાથે જ જ્યાં સિંચાઈ માટે માંગ ઊભી થશે ત્યાં ખેડૂતોને પણ પાણી ઉપલબ્ધ કરાવવા આયોજન કરવામાં આવ્યું છે. ડેમોની હાલની સ્થિતિ ચિંતાજનક છે. રાજકોટ જિલ્લાના જળાશયોમાં સરેરાશ ૨૪ ટકા, મોરબીમાં ૨૩ ટકા, જામનગરમાં ૧૨ ટકા અને સુરેન્દ્રનગરમાં ૨૮ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જ્યારે દ્વારકા જિલ્લાના જળાશયોમાં માત્ર ૨.૮૫ ટકા પાણી જ બચ્યું હોવાનું સામે આવ્યું છે.

# અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર મિની બસ પલટી જતા મહિલાનું મોત, ૨૨ ઈજાગ્રસ્ત




અમદાવાદ,તા.૨૨

અમદાવાદ- ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર કરીયાણા ગામ નજીક ખાનગી મિની બસ પલટી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. પારિવારિક કાર્યક્રમ પૂર્ણ કરીને અમદાવાદથી ભાવનગર પરત ફરી રહેલી બસના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ રસ્તા નીચે ખાબકી હતી. અકસ્માતમાં ૬૧ વર્ષીય રંજનબેન દશાડિયાનું મોત થયું હતું, જ્યારે ૨૨ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. સ્થાનિક લોકો અને બચાવ ટીમોએ તાત્કાલિક કામગીરી હાથ ધરી ઈજાગ્રસ્તોને ધોળકા સરકારી હોસ્પિટલ તથા વધુ સારવાર માટે અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા.





